Published from : B/5, Swastik Apt.
Narayannagar, Paldi, Ahmedabad - 380 007

Published on 10th of every month
Annual Subscription Rs. 200 = 00

# હરિભાવ

HARIBHAV (Gujarati Monthly) (Ahmedabad)

Vol. No. 28, Issue No. 10 10th July, 2024 Annual Subscription Rs. 200 = 00

વર્ષ : ૨૮, અંક : ૧૦ ૧૦મી જુલાઈ, ૨૦૨૪ વાર્ષિક લવાજમ રૂ. ૨૦૦ = ૦૦



સંસારવહેવારમાં અનેક જીવોની સાથે આપણો સંબંધ છે. તે તે બધા જીવો સાથે તેમનું કંઈ પણ કશું જોયા કર્યા વિના આપણે તેમના વિકાસ ખાતર સદ્ભાવ પ્રગટાવવાનો છે. આપણે તેમને માટે ત્યાગ કરવાના ઉમળકાવાળા બનવું જ પડશે અને આપણે જ તેમને માટે પ્રેમઉમળકાથી વિશેષ ને વિશેષ સહન કરવાનું જે આપમેળે આવે તેને ઉમળકાથી તપ સમજીને આપણા પોતાના જીવનવિકાસના હેતુને અર્થે તે તે સ્વીકારીને તે તે બધું ભોગવીએ તો જીવન ઊંચું આવી શકે.

'જીવનદર્શન', નવમી આવૃત્તિ, પૃષ્ઠ ૧૫૨ - શ્રીમોટા



## ‘પૂજ્ય શ્રીમોટાની બાયોગ્રાફી’ (સ્વજનોનાં નિવેદન) પુસ્તકનું વિમોચન કરતા મહાનુભાવો
## સ્નેહ મિલન સમારંભ - શ્રી હરિઃૐ સત્સંગમંડળ, અમદાવાદ. તા. ૦૨-૦૬-૨૦૨૪



શ્રી રજનીભાઈ બરમાવાળાનું સ્વાગત કરતા પ્રમુખ શ્રી ગિરીશચંદ્ર પંડ્યા



આશાબહેન પટેલનું સન્માન કરતા શ્રી બીરેનભાઈ પટેલ



શ્રી કપિલભાઈ ઓઝા (વેદ ઉપર લેખન-પ્રવચન)નું સન્માન કરતા પ્રમુખ શ્રી ગિરીશચંદ્ર પંડ્યા



શ્રી જાગૃતિબહેન એલ. અટારા (રાજ્યના શ્રેષ્ઠ શિક્ષિકા)નું સન્માન કરતા શ્રી રજનીભાઈ બરમાવાળા



શ્રી પ્રજ્ઞેશભાઈ પંડ્યા(પ્રિન્ટ વિઝન પ્રેસ)નું સ્વાગત કરતા શ્રી નીતાબહેન પટેલ



શ્રી હર્ષાબહેન ચાવડા (પ્રમાણિકતા) નું સન્માન કરતા શ્રી જ્યોતિબહેન પટેલ



શ્રી નિમાબહેન એમ. અમીનનું સ્વાગત કરતા શ્રી મનુભાઈ પટેલ



શ્રી લોકેન્દ્ર બાલસરિયા (જળસંચય-ખંભાતી કૂવા)નું સન્માન કરતા શ્રી બીરેનભાઈ પટેલ



ડૉ. અનિલભાઈ રાવલનું સ્વાગત કરતા શ્રી સુરેશ વોરા

**પ્રકાશનસ્થળ :** **'હરિવાણી ટ્રસ્ટ' દ્વારા પ્રકાશિત જીવનવિકાસની ભાવના પ્રસારતું માસિકપત્ર**
બી/૫, સ્વસ્તિક એપાર્ટમેન્ટ,
નારાયણનગર, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭

# હરિભાવ

સંપાદક : સુરેશચંદ્ર વોરા
સહાયક : વિવેક દેસાઈ

**ટ્રસ્ટીમંડળ**
શ્રી ગિરીશ પંડ્યા (મેનેજિંગ ટ્રસ્ટી)
શ્રી વિવેક દેસાઈ, શ્રી બીરેન પટેલ
શ્રી સુરેશચંદ્ર વોરા
શ્રીમતી નીમા મીનેષ અમીન

**વાર્ષિક લવાજમ**
ભારતમાં રૂ. ૨૦૦/-
પરદેશ રૂ.૧૫૦૦/- (એરમેઈલથી)
એકથી દસ વર્ષ સુધીનાં લવાજમ સ્વીકારાય છે.

**પત્રવ્યવહાર/લવાજમ/ભેટ/મોકલવા**
**'હરિવાણી ટ્રસ્ટ', C/O. સુરેશચંદ્ર વોરા**
ડી-૫૦૧, પરિમલ એક્ઝોટિકા,
નવયુગ સ્કૂલ સામે, મોહનનગર વિસ્તાર,
નરોડા, અમદાવાદ-૩૮૨૩૩૦,
Mo. / SMS / Whatsapp - 9427554391
ભેટની રકમ ઈન્કમટેક્સ એક્ટની
કલમ ૮૦(જી) (૫)નીચે કરરાહતને પાત્ર છે.
ચેક/ડીડી 'હરિવાણી ટ્રસ્ટ' ના નામે લખવો.

**ઈ-બૅંકિંગ : ખાતાનું નામ : 'હરિવાણી ટ્રસ્ટ'**
યુકો બૅંક, નારાયણનગર બ્રાંચ,અમદાવાદ-૩૮૦૦૦૭
**દાન-ભેટ સાથે પાન નંબર અવશ્ય આપવો.**
બચત ખાતા નં.: ૧૬૮૭૦૧૦૦૦૦૩૦૮૮
IFS Code : UCBA0001687
બૅંક દ્વારા રકમ મોકલતાં તેની સ્લીપ, નામ, સરનામું અને ફોન નંબર સાથે વિગત અમોને મોકલશોજી.
Email : hariwanitrust@gmail.com

**હરિઃૐ આશ્રમ, સુરતની વેબસાઈટ**
www.hariommota.org ઉપર
'હરિભાવ' ઉપલબ્ધ હોય છે.
Email : hariommota1@gmail.com
મોબાઈલ : ૯૭૨૭૭ ૩૩૪૦૦
* Subject to Ahmedabad Jurisdiction

મુદ્રણશુદ્ધિ : **અંબિકા હરેશ પંડ્યા**
ટાઈપ સેટિંગ : **રામ કોમ્પ્યૂટર મો.: ૯૮૨૪૬૧૨૨૮૮**
ટાઈટલ : **મયૂર જાની મો. ૯૪૨૮૪૦૪૪૪૩**

**વર્ષ : ૨૮ અંક : ૧૦ જુલાઈ, ૨૦૨૪**

**અનુક્રમ**


| ક્રમ | લેખનું નામ | લેખકનું નામ | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | પદ્યપ્રસાદી | શ્રીમોટા | ૪ |
| ૨ | ધ્યાનથી ભાવનાવૃદ્ધિ | શ્રીમોટા | ૫ |
| ૩ | આત્મહત્યાનું કારણ અને નિવારણ | સંત ડુંગરદાસ | ૮ |
| ૪ | સૂક્ષ્મ જગતની અદ્ભુત યાત્રા-૩ | અશ્વિનભાઈ રાવલ | ૧૦ |
| ૫ | સ્ત્રીનો અવતાર | શ્રીમોટા | ૧૫ |
| ૬ | અદ્ભુત, અકલ્પનીય સિધ્ધિ-૨ | ગુજરાત સમાચાર | ૧૭ |
| ૭ | પૂર્ણબ્રહ્મ નારાયણ | કાન્તિભાઈ વ્યાસ | ૨૦ |
| ૮ | સોક્રેટિસ અને પૂજ્ય શ્રીમોટા | કોકિલાબહેન કે.બારાઈ | ૨૨ |
| ૯ | શ્રીહરિઃૐ સત્સંગ મંડળ, અમદાવાદના સ્નેહમિલનનો અહેવાલ | ટ્રસ્ટી મંડળ | ૨૩ |
| ૧૦ | 'પૂજ્ય શ્રીમોટાની બાયોગ્રાફી' અંગે | પ્રભુદાસ જાની | ૨૬ |


## જ્ઞાનદાન

અમદાવાદનિવાસી શ્રી પિંકેશભાઈ એમ. પ્રજાપતિ દાદીશ્રી સ્વ.ફુલીબહેન પરખાજી પ્રજાપતિના અવસાન નિમિત્તે જ્ઞાનદાન આપતા 'હરિવાણી ટ્રસ્ટ' અને 'હરિભાવ' પરિવાર આ સ્વજનશ્રીના પ્રત્યે આભારની લાગણી વ્યકત કરવા સાથે પૂજ્ય શ્રીમોટા સ્વર્ગસ્થના આત્માને શ્રેયકલ્યાણ પ્રેરે અને પરમ શાંતિ અર્પે તેવી પ્રાર્થના....

- સંપાદક

**પૂજ્ય શ્રીમોટાકૃત જીવનવિકાસક પંક્તિઓ**

પ્રભુ વિના કશો ખ્યાલ ઊઠવા દ્યો ન ચિત્તમાં,
કામ સૌ આપણાં એ તે થયાં તે કરશે સદા.
પ્રભુમાં સર્વ આધાર શ્રદ્ધા વિશ્વાસ જીવતાં;
જેને બેઠા હશે ઊંડા, તેવા નિર્ભય રે' સદા.
વિચારો ઊઠતા હોય, કિંતુ તે સાથ સાંકળ;
જોડવી આપણે ત્યાં ના, જીવી ચેતન જીવન.
વાણી, વર્તન ને કર્મે, થયાં નિરાગ્રહી જવું;
સ્વભાવ તે વિના એ તો, ઘસેડ્યાં કરે પૂરું.
કોઈ પ્રકારનું ક્યાંયે, દબાણ કરવું નહિ;
છતાં જ્યાં ત્યાં બધા સાથે, ભેળસેળ થવું નહિ.
પોતાની જાતને નોખી, જે તે સૌ કર્મથી ગણે;
ના કશું અડવા દે તે, નિઃસ્પૃહી એવું વર્તશે.
સ્વભાવવશ કર્મો જે, થતાં અજ્ઞાન તે ગણો,
પમાડે સુખ પહેલાં તો, પછીથી દુઃખ પામશો.
બધાનું રાખવાનું તો સર્વથી ના ભલે બને,
કિંતુ સાધકને માટે એવું સર્વ જરૂરી છે.
આપણે આપણી રીતે, જીવવાનું ચહ્યું સદા,
ડોકિયું તો બીજાનામાં, કદીયે કરવું જ ના.
સર્વનાં ચરણોથીયે નીચે આપણને ગણો,
નમ્રતા સર્વ સંગાથે રાખી સૌ વર્તવું ચહો.
પોતાને ગમતું જે તે, જીવને ના મળે કદી,
પ્રતિકૂળ મળતા ત્યાં, તટસ્થતા દિલ ધારવી.
નોટિસ કૈં વિના કેવી, જિંદગી ખસતી જતી,
કોઈને તોય ના ભાન, તેનું સહેજેય થાય છે.
તમોને જો તમારી કૈં, સહેજેય પડી હોય ના,
વિચારવાની સહેજેય, તસ્દી લેવી ગમે ન જ્યાં.
પાયમાલી વ્હોરી તે, લેવાના આપમેળ શો!
એવાને કોણ ઉગારી, શકે જીવનમાં તદા?
અનાસક્ત થવા કાજે, કર્મ કંઈ ના ગોતશો,
ભાગે આવેલ જે કર્મ, પ્રભુ પ્રીત્યર્થ તે કરો.
પોતાનું એકલું માત્ર, સુખ વાંછીને હૃદે,
બીજાનું ઝૂંટવી લેવું, તે નર્કાગાર જાણજે.
અન્યાય ભોગવી લેતાં, આવડે દિલ જેહને,
એવો સજ્જન સદ્ભાગી, દુર્લભ મળવો જગે.
ડંખ ના કોઈને માટે, રે'વો હૈયે કદી ઘટે,
કોઈનું સારું ને ખોટું, સંઘરી રાખવું નહિ.
બીજાના કામમાં ચિત્ત, જવા દેવું ના આપણે,
આપણા કામમાં ચોંટી, રહેવું, ખૂબ આપણે.
પંચાત છોડી બીજાની, આપણે ઠામ બેસવું,
આપણે કરવાનું જે, કરી નિશ્ચિત વર્તવું.
માપવાનું કદી રાખો, કોઈને નહિ આપણે,
લેવાનું પારખું છોડો, સોંપો તે સર્વ ઈશને.
પરિણામ તણી ચિંતા, રાખી કર્મ ન કૈં કરો,
આવેલ કર્મના ભાવે, વર્તી નિશ્ચિતતા ધરો.
કોઈનો દોષ જોવાનો, આપણાથી કરાય ના,
પોતાનો ખોળી ખોળીને, મથો યોગ્ય પૂરું થવા.
સંસારે હોવું પ્રેમાળ સદ્ભાવયુક્ત જીવન,
સંસારે યોગ્ય પ્રેરાઈ, જીવવું કેવું ઉત્તમ?
બીજાને મહત્ત્વ આપતા, જેઓ બીજાને વ્યવહારમાં,
પોતાને પાછળે રાખે, સાચી તે નમ્રતા સદા.
મોજાં વિચારના જે જે આવે તે સાથ નિઃસ્પૃહી,
જાણે નિર્લેપ બેઠેલા, ત્હમે હો એમ વર્તવું.

શ્રીમોટા-વાણી-૧ આ.દ્વિ.પૃ.૪૨-૪૪

૧. જે ભાવનાને આપણે વધાર્યા કરવી હોય ને જેની જરૂર આપણને લાગતી હોય તે ભાવના પણ ધ્યાનથી વધી શકે છે, પણ એના કંઈ hard and fast ચોકઠામાં પુરાઈ જાય એવા સજ્જડ નિયમો ન હોઈ શકે. ક્યાં સુધી એ ભાવના એ રીતે રાખવી એ દરેક વ્યક્તિ પોતે સમજી શકે. દરરોજ નવી નવી ભાવના રાખવાથી તો કંઈ ખાસ ફાયદો ન થાય. તેવી રીતે આપણને જે નડતરરૂપ ભાવના હોય તેને sublimate (તેનું ઉચ્ચ પરિવર્તન) કરવાને માટે પણ ધ્યાનનો ઉપયોગ થઈ શકે છે, પણ ધ્યાન સિવાયના સમયે એ ભાવનાના ખ્યાલને એવી રીતે વળગી ન રહેવાય કે જેથી આપણા મુખ્ય કામની (જાપ-ભાવ વગેરે) વેગ-પ્રવૃત્તિથી એનો ભાર અને જાગૃતિ વધી જાય. એ ભાવનાની અસર માત્ર છાયા પૂરતી રહે ને આપણને એ બાબતમાં ચિનગારી પુરાવ્યા કરે એટલું જ.

૨. ધ્યાન વખતે લીનતા રહે ને પાછી જતી રહે એનો જે અર્થ તમે કરો છો ને જે ટેવ પાડો છો તે બરાબર છે. આપણો પ્રયત્ન તો તેવી લીનતા એકધારી રહ્યા કરે એ માટેનો જ રહેવો ઘટે. જ્યારે જ્યારે તેવો ભાવ લીનતામાં ઓછો લાગે ત્યારે હૃદયે ધ્યાન દઈને એને સંકોરવાનો પ્રયત્ન કર્યા કરવાનો છે. જેમ મનને સંકોર્યા વિના (દીવાની દિવેટને સંકોરીએ નહિ તો એને મોગરો બાઝેલો હોય છે તે વધ્યા કરે છે ને દીવાનું તેજ ઘટતું જાય છે તેમ સંકોર્યા વિના) ચાલવાનું નથી તેવું જ પ્રત્યેકમાં આપણે સમજવાનું છે.

૩. ધ્યાનમાં લીનતા હોય એ વખતે હૃદય ઉપરથી લક્ષ ખસી જાય તો અને તેથી કરીને લીનતા ઓછી થઈ ન જાય તોપણ, લક્ષ તો હૃદય ઉપર જ રખાયા કરાય તે વધારે સારું છે, ને એવો પ્રયત્ન થાય તેમાં કશું જ ખોટું નથી. જોકે પહેલાં મેં લખેલું કે લીનતા રહ્યા કરે તો લક્ષ ગમે ત્યાં ભલેને હોય, પણ એ પ્રમાણે કરવું હવે તમારે માટે ઠીક નથી.

૪. ગઈ કાલે ‘ઉત્તરરામચરિત’ની વાત નીકળી હતી. તેમાં બીજા રસો ભળેલા હોવા છતાં પ્રધાનતઃ તો એક જ રસ-કરુણ-છે, એવી રીતે ભલે ગમે તે ભાવના ધારી હોય પણ એના ઊંડાણમાં તો જપ હોય જ. એ તો જેમ આપણો શ્વાસોશ્વાસ ચાલ્યા કરે છે તેમ થઈ જવું જોઈએ. ભાવ ને જપ બંને એકીસાથે રાખી શકાય, રાખવા યોગ્ય પણ છે.

૫. ‘તમો પ્રત્યેનાં શ્રદ્ધા, પ્રેમ, તથા તમન્ના, સરળતા, નિર્દોષતા, પ્રેમનું જોશ આદિ ભાવો રાખવા યોગ્ય ખરા કે નહિ ?’ રાખો તો કશું જ ખોટું નથી, પણ તે શ્રદ્ધાથી થવું ઘટે. એની પાછળનો ભાવનો પડઘો પ્રેમનો જ હોવો જોઈએ. એ પાછળનો જેવો હેતુ હશે તેવું જ એનું રૂપાંતર થશે.

૬. જેમ ધ્યાનમાં બિલકુલ વિચાર આવવા ન ઘટે, પણ તે કંઈ એકદમ બનતું નથી પણ ઘણા અભ્યાસ પછી સાધ્ય થાય છે, પહેલી પાંચ મિનિટ ભલે પ્રારંભિક તૈયારીની રહે, એનો કશો વાંધો નથી. આદર્શના અંતને એકદમ છેડે જઈને પહોંચી શકાય નહિ. એ માટે તો સતત ચીવટાઈ ભરેલા અભ્યાસની જરૂર રહેશે.

૭. 'લીનતામાં જપ જતો રહે' એટલે ત્યારે આપણી ચેતનાની સ્થિતિ માત્ર બદલાતી હોય છે. તેવી તેવી પ્રત્યેક ચેતનાની કક્ષામાં પણ આપણે તેમાં ભળી જવાનું નથી. જો ભળી જવાય તો ત્યાંથી આપણો વિકાસ અટકી પડે.

જપ તો પ્રત્યેક હૃદયના ધબકારા સાથે એકાકાર થઈ જવો ઘટે, ને હૃદયના ધબકારામાં સમાઈ જવો ઘટે. જેમ જેમ એ સ્થિર થતો જશે ને એમાં પૂરતો ભાવ આવતો જશે તેમ તેમ એ હૃદયના ધબકારા સાથે ભળી જતો લાગ્યા કરશે.

૮. ખોરાક બાબતમાં તો અત્યંત ખારું, ખાટું ને તીખુંતમતમતું ન હોય તો સારું. તદ્દન સહેલાઈથી પચી શકે એવું લેવાનું હોય તો ઠીક, સામાન્ય રીતે બધા લોકો જેવું ખાતા હોય તેવું એટલે આપણા દરરોજના ખોરાકમાં જરાતરા જ ફેરફાર કરી લેવાનો હોય તો વાંધો નથી. કશું સ્વાદની દૃષ્ટિએ ખાવાનું રાખવાનું નથી.

૯. ખોરાક, વાતાવરણ, સોબત, અભ્યાસ, સ્થળ વગેરેની અસર હોય છે ખરી, પણ મુખ્યત્વે તો આપણી જ તમન્ના ને જિજ્ઞાસા ખરો ભાગ ભજવે છે તે જાણશો. ચિત્તશુદ્ધિને માટે નિરાસક્તભાવે કર્મ કર્યા કરવાનું આપણે રાખીશું તો ઘણો લાભ મળ્યા કરશે. જેમ આપણાથી ભાવપૂર્વક ધપાતું જવાશે તેમ બીજામાં પણ તેની અસર આવ્યા વિના રહેશે નહિ. બહારના બીજા કશા ઉપર આપણે કશી મહત્તા આપવાની નથી. મહત્તા તો આપણા કામમાં જ આપવાની છે. એમાં જેમ જેમ જીવ ઊંડો ઊતરતો જશે, લગની-રસ લાગતાં જશે તેમ તેમ બધું આપોઆપ આપણને જે કંઈ સમજાવાનું હશે તે સમજાતું જશે.

૧૦. જપ સુંદર ને સાત્ત્વિક તો અંદરથી ચાલ્યા કરતો હોય તે જ સારો, પણ જેમ આદર્શને એકદમ પહોંચી શકાતું નથી ને પગલે પગલે, ડગલે ડગલે જવાય છે તેમ પહેલાં થોડો સમય જે રસ્તે ત્યાં પહોંચવાની શક્યતા લાગતી હોય તે રસ્તે જવાનું રાખવું. હાલના તબક્કે જીભ હલાવવાનું રાખશો તો વાંધો નથી, પણ તે એના ધ્યેયને કદી પણ ભૂલ્યા વિના. યાંત્રિક, જડ ટેવ ત્યારે જ પડે છે કે જ્યારે એના મૂળ હેતુને આપણે વિસારી મૂક્યો હોય છે.

૧૧. આપણા અર્થમાં 'ધારણા' એ તો અમુક કર્મમાંથી પરિણામ પામનારી અસર છે. મુખ્ય તો હૃદયના ધબકારા સાથે જપ થયા કરે ને તે પણ ખૂબ ભાવાવેશ સાથે એ જરૂરનું છે. ધ્યાન વખતે આપણા ચિત્તનું લક્ષ હૃદય ઉપર હોય તે જરૂરનું છે, તે જાણશો.

જગતના વહેવારમાં એટલા તો પ્રશ્નો ઊઠે છે, કે એ બધાનો ઉકેલ આપણે કરવા બેસીએ

કે કરવા જઈએ તો આપણે એમાં ને એમાં જ ગૂંચાઈ પડીએ ! પણ કોઈક સવાલ મનમાં ઊઠે ને એનું જો સમાધાન ના કરીએ તો એ કોકડું જેમનું તેમ પડી રહેશે. માટે, જે થાય તેનો ઉકેલ કરી નાખવાનો પ્રયત્ન કરવો, એટલે મનમાં કંઈ પણ રહે નહિ. આપણે જગત પ્રત્યે બેપરવા બનવાનું નથી તેમ એવી વૃત્તિ પણ નથી કેળવવાની. એવો ખ્યાલ સરખો પણ દિલમાં ન હોવો જોઈએ, પણ જે આપણી પાસે છે એ કામ કેવી રીતે આપણે પાર પાડીએ છીએ એમાં જ, એ રીતે, એટલા પ્રમાણમાં આપણે જગતનો ઉકેલ કરીએ છીએ. તેમ છતાં કોઈ લાગણી વધારે વાર મનમાં રહ્યા કરે તો એ લાગણીને દૂર કરવા માટે પ્રાર્થના કરી લેવી. અથવા તો જે રીતે એને સંતોષી શકાય તે રીતે એને કાઢી નાખવાને મથવાનું આપણે રાખવું જોઈએ.

સૂવાની સ્થિતિમાં ધ્યાન જ્યારે કરવાનું હોય છે, ત્યારે તંદ્રા આવી જવાનો સંભવ રહે છે જ, પણ જો તે વખતે પહેલાં આપણે મનને એકાગ્ર કરી શકીએ, ને એકરસ ભાવે આપણે ડૂબવાનું કરી શકીએ તો તંદ્રા નહિ આવે, કારણ તે તંદ્રા મનના તદ્દન બહારના કે ઉપરના થર ઉપર જ વસે છે, કે અસર કરે છે. માણસ ઊંઘતો હોય છતાં અંદર પોતાનામાં રચ્યો રહેલો હોય એમ પણ બને છે, પણ તે આપણે માટે અત્યારે નહિ.

વિચારોના વમળમાં તણાઈ જવાય ત્યારે જાણવું કે આપણું મન દ્વિધા પામેલું છે, અને એનું એકાગ્રપણું ઘટેલું હોવું જોઈએ, એટલું જ નહિ પણ રસવૃત્તિનું સ્થળ અંદરથી બહારમાં ફરેલું હોવું જોઈએ. એવું થાય ત્યારે આપણે આપણું પૃથક્કરણ કરી લેવું ઘટે. તેમ છતાં પણ (એવું કેટલીક વાર બને છે) ન સમજાય તો ભગવાનને આપણે અસલની ભાવના વધારવા સારુ પ્રાર્થના કર્યા કરવી ને તે મેળવ્યા વિના જંપીને બેસવું નહિ, ને એ બાબતમાં મંડ્યા જ રહેવું.

(પગરણ, પૃ. ૧૨૫-૧૩૧)

ધ્યેય અને ધ્યાન આ-૩, પૃ-૪૯-૫૨

## જાહેર વિનંતીનો પ્રતિભાવ

અગાઉના ચારેક માસના 'હરિભાવ' માં કરાયેલી કોર્પસફંડ અંગેના દાન-ભેટની વિનંતીના પ્રતિભાવરૂપે તા.૨૨-૦૬-૨૦૨૪ સુધીમાં કુલ રૂા.૨૬,૩૬,૬૧૧/- (અંકે રૂપિયા છવ્વીસ લાખ છત્રીસ હજાર છસો અગિયાર પૂરા) ની ભેટ મળેલ છે. જેમાં નીચે મુજબના નામો સમાયેલા છે.

૧) કિરણભાઈ રામચંદ્ર પાઠક (વડોદરા) તરફથી રૂા.૨૫,૦૦૦/-

૨) બળવંતરાય જી. ભટ્ટ (વડોદરા) તરફથી રૂા.૨૫,૦૦૦/-

૩) યાજ્ઞવલ્કય પ્રેમશંકર વ્યાસ (અમદાવાદ) તરફથી રૂા.૨૫,૦૦૦/-

આવો સુંદર સહકાર આપનાર સૌ સ્વજનશ્રીના આભારી છીએ. - સંપાદક

## (૩) આત્મહત્યાનું કારણ અને નિવારણ

**સંત ડુંગરદાસરામ**

એકવાર શ્રદ્ધેય સ્વામીજી શ્રીરામસુખદાસજી મહારાજનો સત્સંગ કાર્યક્રમ બિકાનેરમાં હતો. તે સમયે એક સત્સંગી સજ્જન આવ્યા અને તેમણે પૂછ્યું કે આત્મહત્યા કરીને મરવાવાળા માટે શું કરવું જોઈએ ? (પેલા સજ્જનના નજીકના સંબંધીએ આત્મહત્યા કરી લીધી હતી) ત્યારે સ્વામીજી મહારાજે ધર્મસિંધુ અને નિર્ણયસિંધુ બંને ગ્રંથ મંગાવ્યા કે આને માટે શાસ્ત્ર શું કહે છે? એમાં લખ્યું હતું કે આત્મહત્યા કરવાવાળાને માટે કંઈ ન કરવું. જો કંઈ કરે છે તો દોષ લાગે છે. તેણે પ્રાયશ્ચિત્ત કરવું જોઈએ.

આ રીતે શ્રી સ્વામીજી મહારાજના મનમાં એકવાર કરુણાસહિત વિચાર આવવા લાગ્યા કે બિચારો મનુષ્ય આત્મહત્યાથી કેવી રીતે બચી શકે છે? જ્યારે તેની બુદ્ધિ જ ખરાબ થઈ જાય તો તે શું કરે ? કેવી રીતે બચે? શરીરનું સંચાલન તો બુદ્ધિ જ કરે છે ને? જ્યારે ઇન્જિન જ ખરાબ થઈ જાય ત્યારે ગાડી શું કરે? તે સમયે તે મરવાનું જ યોગ્ય સમજવા લાગે છે. તેની બુદ્ધિ જ તેવી થઈ જાય છે. કેવી રીતે બચે?

પછી સ્વામીજી મહારાજે આત્મહત્યાથી બચવાનો ઉપાય બતાવ્યો કે મનુષ્ય જો રોજ ભગવાનનું ચરણામૃત લે તો બચી શકે છે. ચરણામૃતના પ્રભાવથી તેની બુદ્ધિ ઠીક થઈ શકે છે ચરણામૃતના પ્રભાવથી મનુષ્ય આત્મહત્યાના સમયે મરવાને માટે આગળ વધી શકતો નથી અને બચી જશે.

કારણ કે ચરણામૃતના મંત્રમાં આવે છે કે તે અકાળ મૃત્યુને હરનારું છે, ટાળનારું છે.

જેમ કે

આકાળમૃત્યુ હરણં સર્વવ્યાધિવિનાશનમ્ ।
વિષ્ણોઃ પાદોદકં પીત્વા પુનર્જન્મ ન વિદ્યતે ॥

અર્થાત્ અકાળમૃત્યુ હરનારું અને બધા રોગોનો વિનાશ કરનાર ભગવાનનાં ચરણોનું જળ પીને મનુષ્ય પુનર્જન્મને પ્રાપ્ત થતો નથી.

અકાળમૃત્યુ આત્મહત્યાને કહે છે. કારણ કે આત્મહત્યા કરનાર મનુષ્ય પોતાનું આયુષ્ય રહેતાં રહેતાં, મરણ આવ્યા વિના જ, કાળ આવ્યા વિના જ મરે છે. એટલા માટે અકાળમૃત્યુ છે.

કોઈ નાની ઉંમરમાં વ્યક્તિ અકસ્માત વગેરે દુર્ઘટનામાં મરણ પામે છે યા કોઈ તેને મારી નાખે છે તે અકાળમૃત્યુ નથી. તેનો તો કાળ આવી ગયો હતો. આયુષ્ય પૂરું થઈ ગયું હતું. ત્યારે જ તે મર્યો છે. કાળ આવ્યા વિના ન તો કોઈ મારી શકે છે અને ન કોઈને મારી શકાય છે. એટલા માટે તે આકસ્મિક મૃત્યુ છે, અકાળમૃત્યુ નથી. અકાળમૃત્યુ તો તે હોય છે જે કાળ (મૃત્યુનો સમય) તો આવ્યો જ નથી અને મરી ગયો.

મરણ આવ્યા વિના કોઈ બીજો તો નથી મારી શકતો; પરંતુ મનુષ્ય જો પોતે મરવા ચાહે તો મરી શકે છે. આત્મહત્યા કરી શકે છે; મરણ આવ્યા વિના જ, અકાળમૃત્યુ મરી શકે છે; મનુષ્યને સ્વતંત્રતા મળેલી છે. બીજી યોનિઓમાં તો અગાઉ કરેલાં કર્મોનું ફળ જ ભોગવાય છે. નવું કર્મ કરવાનો અધિકાર નથી; પરંતુ મનુષ્યયોનિમાં નવું કર્મ કરવાનો અધિકાર છે. મનુષ્ય મરણ આવ્યા વિના જ આત્મહત્યાનું નવું પાપ કરી શકે છે.

રોજ ભગવાનનું ચરણામૃત લેનાર આત્મહત્યાથી બચી શકે છે.

ગંગાજળ પણ ભગવાનનું ચરણામૃત છે.

આત્મહત્યા એક મનુષ્યને મારી નાખવા સમાન ઘણું ભારે પાપ છે. ભગવાન પછી તેને મનુષ્યજન્મ આપતા નથી. નહીં આપવામાં ભગવાનનો ભાવ એ છે કે હમણાં જે મનુષ્યજન્મ મેં તને આપ્યો, તે તો તને પસંદ આવ્યો નહીં, તે તેને નષ્ટ કરી દીધો. હવે ફરી મનુષ્યજન્મ શા માટે આપવો ? પછી બાકી બચેલું આયુષ્ય ભલેને ભૂત-પ્રેત વગેરે બનીને ભોગવે, મનુષ્યજન્મ મળવો મુશ્કેલ છે.

અગાઉ કરેલાં પાપનાં કારણે મનુષ્યની સામે એવી દુઃખી દેનારી પરિસ્થિતિ આવે છે કે તે મરવાનું વિચારે છે. તેને લાગે છે કે હું મરી જઈશ તો દુઃખથી છૂટી જઈશ. પરંતુ એવું થતું નથી અને આત્મહત્યા કરીને બીજું વધારે દુઃખ પામવાની તૈયારી કરી લે છે.

જે પાપને કારણે એવી દુઃખદાયી પરિસ્થિતિ સામે આવી તેનું ફળ ભોગવવાનું તો બાકી જ રહ્યું અને આત્મહત્યાનું એક બીજું પાપ કરી લીધું તો આ બધાનું ફળ આગળ ઉપર જરૂર ભોગવવું પડશે. ભોગવ્યા વિના કર્મોનું ફળ નાશ થતું નથી. ભલે ૧૦૦ કરોડ જન્મ વીતી જાય, એવું શાસ્ત્ર કહે છે. જેમ કે

...પાપનું ફળ (દંડ) તો ભોગવવું જ પડે છે, ભલે આ જન્મમાં ભોગવવું પડે કે જન્મ જન્માંતરમાં.

અવશ્યમેવ ભોક્તવ્યમ્ કૃતં કર્મ શુભાશુભમ્ ।
નામુક્તં ક્ષીયતે કર્મ જન્મ કોટિશતૈરપિ ॥

('સાધક-સંજીવની ગીતા' ૧૮/૧૨ની ટિપ્પણીથી)

એટલે મનુષ્યને માટે જરૂરી છે કે ભલે ગમે તેવી પણ પરિસ્થિતિ આવી જાય, ક્યારેય પણ આત્મહત્યા ન કરવી અને અન્યને પણ બચાવવા. આ બાબતો અન્યને પણ જણાવવી તમારા પ્રયત્નથી ન જાણે કેટલાયના જીવ બચી જશે.

'મહાપુરુષોં કે સત્સંગ કી બાતેં ઔર સ્વામીજી શ્રીરામસુખદાસજી મહારાજ દ્વારા કહી ગઈ કહાવતેં – પહલા ભાગ સંગ્રહકર્તા ઔર લેખક સંત ડુંગરદાસરામ પૃષ્ઠ ૪૩૯ થઈ ૪૪૫ અનુવાદ રજનીભાઈ બર્માવાલા.

'હરિઃૐ'

**પ્રકરણ-૩**

"હરિઃૐ સ્વામીજી આપશ્રીએ શરૂઆતમાં વાત કરી કે આત્મા તેર દિવસ સુધી ઘરમાં રહી શકે છે અને એ પછી એ સૂક્ષ્મ જગતમાં કાયમ માટે ગતિ કરે છે તો એ વિશે વિસ્તારથી જાણવાની ઇચ્છા છે."

"મૃત્યુ પછી આત્મા પોતાના ઘરમાં પરિવારજનો સાથે વધુમાં વધુ તેર દિવસ સુધી રહી શકે છે અને એ દરમિયાન એ આત્મા માટે જે પણ પ્રાર્થના—પૂજન—ભજન વગેરે કરવામાં આવે છે એનાથી એને ઘણી શાંતિ મળે છે. તેરમા દિવસે આત્માને પોતાનું ઘર અને સ્વજનો છોડવાં પડે છે. જે પણ એના માર્ગદર્શક સંબંધી એને લેવા આવ્યા હોય એમની સાથે સૂક્ષ્મ જગતમાં આત્મા ઊર્ધ્વ ગતિ કરે છે ! આ આત્માને ચિત્રગુપ્ત પાસે લઈ જવામાં આવે એવી કથા શાસ્ત્રોમાં છે પણ રોજ પૃથ્વી ઉપર લાખો મૃત્યુ થતાં હોય છે એટલે દરેકનાં કર્મોને જોઈને ન્યાય કરાવવા માટે કોઈ ચિત્રગુપ્ત નહિ, પણ આખું નેટવર્ક ગોઠવાયેલું હોય છે.

"હું એક વાર અમેરિકા ગયો ત્યારે મુંબઈ કૉન્સ્યુલેટમાં વિઝા લેવા માટે મારે જવું પડેલું. ત્યાં વિઝા આપવાની અનેક વિન્ડો હતી. જેનો નંબર જે વિન્ડો ઉપર લાગે ત્યાં એને જવાનું. વિઝા માગનાર વ્યક્તિના તમામ પેપર અને પાસપોર્ટ વિન્ડો ઉપર બેઠેલો અધિકારી બરાબર ચેક કરે અને એ પછી જ એ નિર્ણય આપે કે અમેરિકા જવાના વિઝા આપવા કે નહિ. આ કામ પણ બરાબર એના જેવું જ.'

"આત્માને પણ આ રીતે કોઈપણ ન્યાય કરતાં દિવ્ય આત્મા પાસે લઈ જવામાં આવે છે. જો મરનાર આત્માએ દીક્ષા લીધેલી હોય કે કોઈ ગુરુ કરેલા હોય અને તીવ્રપણે એમને વળગી રહેલો હોય તો એનો ન્યાય કરનાર મહાત્મા પણ એ જ સમુદાયના કોઈ દિવ્ય સિદ્ધપુરુષ એનો ન્યાય કરે છે. અને આગળની ગતિ નક્કી કરે છે. પણ આ ગુરુ પોતે સિદ્ધ હોય તો જ આ શક્ય બને છે. કળિયુગમાં ગુરુ બની બેઠેલા એવા કેટલાય પાખંડી લોકો પણ હોય છે એટલે એમને માનનારાને આ નિયમ લાગુ પડતો નથી."

"દરેક આત્માને પૃથ્વીથી ઘણે દૂર અને ખૂબ ઊંચાઈએ એક ચોક્કસ જગ્યાએ શરૂઆતમાં લઈ જવામાં આવે છે. લઈ જનાર વ્યક્તિ જે તે આત્માનો કોઈ મિત્ર પણ હોઈ શકે છે કે કોઈ સંબંધી પણ હોઈ શકે છે પણ એ એવી વ્યક્તિ હોય છે કે જે સૂક્ષ્મ જગતથી પૂરેપૂરો વાકેફ હોય છે, પરિચિત હોય છે. અને જેણે સૂક્ષ્મ લોકમાં રહીને આધ્યાત્મિક પ્રગતિ કરી હોય છે. જેથી

તે એક માર્ગદર્શક તરીકે આત્માને લઈને એને મળેલા આદેશ મુજબ ચોક્કસ સ્થાને જાય છે અને ત્યાં એનાં તમામ કર્મોને અગાઉ મેં કહ્યું એમ જોવામાં આવે છે.''

''આત્માએ પૃથ્વી ઉપર જન્મ લઈને જે પણ સારાં માઠાં કર્મો કર્યાં હોય એનું ગુપ્ત ચિત્ર ત્યાં જોવામાં આવે છે અને પછી કયા લોકમાં એને મોકલવો એ નક્કી કરવામાં આવે છે. એ પ્રથમ લોકમાં એટલે કે પ્રેતલોકમાં પણ પાછો જઈ શકે છે અને સારાં કર્મો કરેલાં હોય તો ચોથા કે પાંચમા લોક સુધી પણ જઈ શકે છે. પણ આ નિર્ણય ત્યાં બેઠેલા સિદ્ધ મહાપુરુષો લેતા હોય છે કે જે ન્યાયાધીશનું કામ કરે છે અને તેઓ ધર્મરાજ કે ચિત્રગુપ્તના પ્રતિનિધિ જેવા જ હોય છે. દરરોજ લાખો મૃત્યુ થતાં હોય છે એટલે ન્યાય આપવા માટે કોઈ એક જ વ્યક્તિ નથી હોતી પણ આખું એક નેટવર્ક હોય છે. આ સ્થળ જોવા માટે મેં બહુ વિનંતી કરેલી પણ મને ત્યાં સુધી જવાની પરમિશન નહોતી મળી.'' સ્વામીજીએ કહ્યું.

''મોટાભાગના આત્માઓને આ કળિયુગની અંદર એકથી ત્રણ લોક વચ્ચે જ મોકલવામાં આવે છે. પ્રથમ લોક તો પૃથ્વીની ચારે બાજુ વીંટળાયેલો અને પૃથ્વીથી લાખો માઈલ સુધી પથરાયેલો છે. કળિયુગમાં એટલા બધાં પાપકર્મો અને દગાફટકા લોકો કરતા હોય છે કે પ્રથમ લોકથી આગળ અમુક લોકો જઈ શકતા જ નથી અને સજા ભોગવવા ફરી ફરી જન્મ લેવો પડે છે. કેટલાક દુષ્ટ આત્માઓ એટલા બધા પાપી હોય છે કે એમને પશુયોનિમાં જવાની સજા કરવામાં આવે છે અને તરત અમલ કરવામાં પણ આવે છે. આખી જિંદગી ભૂત–ભુવા અને તાંત્રિક સાધનામાં પસાર કરી હોય એવા આત્માઓને એવી નીચલી શક્તિઓ પાસે જ મોકલી દેવામાં આવે છે જેને તેઓ માનતા હોય ! આ બધી નીચલી કક્ષાની શક્તિઓનાં નાનાં નાનાં મંડળો પહેલા કે બીજા લોકમાં જ હોય છે. આવા ભટકી ગયેલા આત્માઓની સ્થિતિ ખૂબ જ દયાજનક હોય છે. પૃથ્વી પરના તાંત્રિક સાધકો આવા પ્રેતાત્માઓનો ઉપયોગ પણ કરતા હોય છે.''

''સ્વામીજી; એક સવાલ પૂછું ? હમણાં આપશ્રીએ કહ્યું કે જેમણે અનાહતચક્ર સિદ્ધ કર્યું હોય એવા ધ્યાનયોગી કે પછી ઈશ્વરના નામસ્મરણથી જ આંખમાંથી આંસુ આવે એવી તીવ્ર ભક્તિ કરનારા ભક્તો જ ચોથા લોકમાં પ્રવેશ કરી શકે. પણ હમણાં આપે એમ પણ કહ્યું કે કળા અને સાહિત્યને વરેલા આત્માઓ ચોથા લોકમાં જઇ શકતા હોય છે તો આ વાત થોડીક વિરોધાભાસી નથી ?''

''અને સ્વામીજી, સંગીતકળા સિદ્ધ હોય, અભિનયકળા સિદ્ધ હોય કે પછી ઊંચા સાહિત્યકાર હોય તેવી વ્યક્તિઓ પૃથ્વી ઉપર આધ્યાત્મિક

હોય એ જરૂરી નથી. એ તો સંપૂર્ણ ભૌતિક સુખોમાં ડૂબેલા હોય છે તો એમને ચોથા લોકમાં પ્રવેશવાનો અધિકાર કેવી રીતે મળે ?''

''બહુ જ સરસ સવાલ કર્યો છે પુષ્કરભાઈ તમે ! જુઓ ચોથા લોકનો વિસ્તાર ત્રણ ભાગમાં વહેંચાયેલો છે. આ લોક પણ લાખો માઈલો સુધી પથરાયેલો અને ઘણો મોટો છે. અને એમાં ઉપરનું સ્તર પણ અલગ છે અને નીચેનું સ્તર પણ અલગ છે ! નીચલાં બે સ્તરને ગંધર્વલોક અને વિદ્યાધરલોક કહેવામાં આવે છે. સૌથી નીચે વિદ્યાધરલોક છે અને એની ઉપર ગંધર્વલોક છે. તે પછી ચોથો લોક ચાલુ થાય છે જેની આપણે ચર્ચા કરેલી. જે કળાકારોએ સાધના કરેલી હોય અને અનાહતચક્ર સુધી પહોંચેલા હોય તે જ ઉપરના ચોથા લોકમાં પ્રવેશ કરી શકે બાકી તો ગંધર્વલોકમાં જ એમને એમની આ કળાનું વિશેષ જ્ઞાન આપવામાં આવે છે. કોઈપણ કળા કે કોઈપણ વિદ્યા એ ઈશ્વરનું જ ઐશ્વર્ય છે અને ઈશ્વરના જ્ઞાનનો જ એક ભાગ છે ! તમામ રાગરાગિણીનું જ્ઞાન, તમામ પ્રકારની નૃત્યકળાનું જ્ઞાન, તમામ પ્રકારની અભિનય કળા વગેરે આ ગંધર્વલોકમાંથી જ પૃથ્વી ઉપર જાય છે.''

''પણ ગંધર્વલોકમાં માત્ર એ લોકો જ પ્રવેશી શકે છે કે જેઓ સંપૂર્ણપણે કોઈપણ કળાને વરેલા છે અને એમાં જ ડૂબેલા હોય છે. જિંદગી આખી જેમણે કોઈપણ કળાને સમર્પિત કરી દીધી હોય એવા ધૂની આત્માઓ જ ત્યાં પ્રવેશી શકે છે. એવું જ વિદ્યાધરલોકનું પણ છે.

''પાંચમો લોક જનઃલોક કહેવાય છે અને આ લોકમાં માત્ર સાધકોને જ પ્રવેશ મળે છે. અહીં માત્ર ઉચ્ચ આત્માઓ જ નિવાસ કરતા હોય છે. ઉચ્ચ આત્માઓનો મતલબ માત્ર સાધુ-સંતો કે સંન્યાસી નહિ, પણ ધ્યાનમાં બેસીને જેમણે આજ્ઞાચક્ર સુધીની ગતિ કરી હોય અને જે ઈચ્છાઓ અને રાગદ્વેષથી સંપૂર્ણપણે મુક્ત થયા હોય અને જેમના દિલમાં બીજાના માટે માત્ર પ્રેમ અને કરુણાના ભાવ હોય તે તમામ આત્માઓ ઉચ્ચ આત્માઓની શ્રેણીમાં આવે

''અહીં પ્રવેશતા આત્માઓ ભક્તિમાર્ગેથી પણ આવેલા હોય, જ્ઞાનમાર્ગથી પણ આવેલા હોય કે કર્મયોગથી પણ આવેલા હોય છે. આ આત્માઓનું કામ ચોથા લોકમાં વસતા પવિત્ર આત્માઓને જ્ઞાન આપવાનું, સાધના કરાવવાનું અને જરૂરી માર્ગદર્શન આપવાનું હોય છે. આ પાંચમા લોકમાં દિવ્યજ્ઞાનની શાળાઓ પણ આવેલી છે જ્યાં ઈશ્વરનું જ્ઞાન આપવામાં આવે છે જેથી આત્મા વધુ ને વધુ ઉચ્ચ ગતિ કરી મુક્તિ તરફ આગળ વધે.''

''છઠ્ઠો લોક તપોલોક છે અને નામ પ્રમાણે આ લોક માત્ર ને માત્ર તપસ્વીઓ માટે જ છે જ્યાં સિદ્ધપુરુષો અને ઋષિમુનિઓ સતત ધ્યાન અને સમાધિ અવસ્થામાં રહેતા હોય છે. આપણા શાસ્ત્રોમાં સપ્તઋષિની જે વાત લખેલી છે તે પણ આ લોકમાં નિવાસ કરે છે.''

"તમને જાણીને આશ્ચર્ય થશે પણ આખી પૃથ્વીનું સંચાલન આ છઠ્ઠા લોકના સિદ્ધ પુરુષો જ કરતા હોય છે. સમગ્ર બ્રહ્માંડમાં ફેરફાર કરવાની અને ગ્રહોને ચલાયમાન કરવાની શક્તિ આ મહાત્માઓ પાસે છે."

"સાતમો છેલ્લો લોક સત્યલોક કહેવાય છે પણ આ લોક વિશેની વધારે માહિતી મને કોઈની પણ પાસેથી મળી નથી." સ્વામીજીએ કહ્યું.

"ખરેખર અદ્ભુત વાતો આપશ્રીએ અમને કરી છે સ્વામીજી !" પુષ્કરભાઈ બોલ્યા.

"સ્વામીજી બીજો એક સવાલ મનમાં અત્યારે પેદા થયો. આપશ્રીએ પાંચમા અને છઠ્ઠા લોકમાં સિદ્ધપુરુષો અને ઋષિમુનિઓની વાત કરી, પણ જે લોકો ઈસ્લામ કે ખ્રિસ્તી ધર્મ પાળતા હોય અથવા તો જૈન–બૌદ્ધ કે પછી પારસી હોય એવા લોકોનું શું ?" મારાથી પુછાઈ ગયું.

"જુઓ સૌથી પહેલી બાબત તો એ છે આ તમામ લોક ને ધર્મ સાથે કોઈ લેવાદેવા નથી. આપણો કહેવાતો ધર્મ કોઈ ને કોઈ અવતારો સાથે સંકળાયેલો છે. શ્રીરામ, શ્રીકૃષ્ણ, મહાવીરસ્વામી, ગૌતમ બુદ્ધ, મહંમદ પયગંબર, ઈસુ ખ્રિસ્ત, મહાત્મા જરથુસ્ત્ર વગેરે અવતારો ખરેખર તો નિરાકાર સચ્ચિદાનંદ પરમાત્માના જુદા જુદા સમયે પ્રગટ થયેલાં ચૈતન્ય સ્વરૂપો જ છે, જેમણે પ્રેમ અને કરુણાનો સંદેશ જગતને આપ્યો. તેમને માનનારા અનુયાયીઓએ એમનાં સંદેશ અને કથનોને એક ધર્મસ્વરૂપે જોયાં. આ રીતે અલગ-અલગ ધર્મો સમયાંતરે પૃથ્વી પર સ્થપાતા ગયા.

"સમગ્ર બ્રહ્માંડ ચૈતન્ય તત્ત્વથી ભરપૂર છે. ઈશ્વરનું કોઈ સ્વરૂપ નથી. ઈશ્વર પોતે એક એવી શક્તિ અથવા એનર્જી છે જે જડ અને ચેતન બધામાં સર્વત્ર વ્યાપેલી છે. અને સૂર્ય સ્વરૂપે એ આખા જગતને પ્રાણતત્ત્વ પૂરું પાડીને ચલાવે છે. પૃથ્વી ઉપર જ્યારે જ્યારે જરૂર પડી ત્યારે ઈશ્વરનું ચૈતન્ય ઘનીભૂત થયું અને એ સ્થૂળ સ્વરૂપે પ્રગટ થયું. વિશાળ મહાસાગરમાં જ્યારે પણ કાતિલ ઠંડી પડે એટલે દરિયાનો કેટલોક ભાગ બરફ બની જાય છે જેને આપણે હિમશીલા કહીએ છીએ. ફરી પાછો એ ઓગળી જાય એટલે પાણી બની જાય છે. અવતારનું પણ એવું જ સમજવું."

"અને જુદા જુદા ધર્મોની વાત કરું તો આ પૃથ્વી ઉપર અનેક સમુદ્ર છે અને દરેકના અલગ-અલગ નામ છે. એટલાન્ટિક મહાસાગર, પ્રશાંત મહાસાગર, અરબી સમુદ્ર, હિંદ મહાસાગર વગેરે. હવે આ સમુદ્રમાંથી ગરમીમાં વરાળ થઈને જ્યારે વાદળો બની જાય છે ત્યારે એ વાદળોના કોઈ નામ નથી હોતા. એ માત્ર પૃથ્વી ઉપર વરસાદ વરસાવવાનું જ કામ કરે છે. નામ, ગુણ, રૂપ વગેરે માત્ર પૃથ્વી ઉપર જ છે. સૂક્ષ્મ થયા પછી ઓળખ બદલાઈ જાય છે. પછી આ હિંદ મહાસાગરનું વાદળ કે પ્રશાંત મહાસાગરનું વાદળ એવું અલગ અસ્તિત્વ રહેતું નથી. ધર્મનું પણ એવું જ સમજો !"

"એટલે મૃત્યુ પછી ખરેખર તો કોઈ ધર્મ રહેતો જ નથી તોપણ સમગ્ર જગત માન્યતાઓથી

ચાલે છે એટલે સૂક્ષ્મ શરીર પણ જ્યાં સુધી સાચું જ્ઞાન પ્રગટ ન થાય ત્યાં સુધી ધર્મના વાડામાં જ ફર્યા કરે છે. આ વાડા જેમ તૂટતા જાય, સત્ય સમજાતું જાય, આત્મતત્ત્વ પ્રગટ થાય તેમ તેમ ઉપરના લોકના દરવાજા ખુલતા જાય. મેં બધા જ દિવ્ય આત્માઓને પૂછયું પણ ઈશ્વરને આજ સુધી કોઈએ જોયો નથી. એની જબરદસ્ત સત્તા ચાલી રહી છે પણ એ માત્ર પ્રકાશ અને શક્તિ રૂપે જ પ્રગટ થયેલો રહે છે.''

''સ્વામીજી એક બીજો સવાલ પણ મારા મનમાં છે. આપણાં શાસ્ત્રોમાં ૮૪ લાખ યોનીની વાત આવે છે તો દરેક આત્મા એ મનુષ્ય જન્મ લીધા પછી ફરી ૮૪ લાખ યોનીમાં જન્મ લેવો જ પડે છે?'' મેં પૂછયું.

''ના.... ૮૪ લાખ યોનીની વાત શાસ્ત્રોમાં જરૂર છે. પરંતુ મનુષ્ય અવતાર એ આ બધી યોની વટાવ્યા પછીનો છેલ્લો અવતાર છે. મનુષ્ય જન્મમાંથી જ સાધના કરીને છેવટે મુક્તિ મળતી હોય છે. એટલે ફરીથી ૮૪ લાખ યોનીમાં જવું પડતું નથી. હા એક વાત છે કે મનુષ્ય પોતાનાં ચોક્કસ પાપકર્મોના કારણે કયારેક પશુ જન્મ લેતો હોય છે અને પાપકર્મ ભોગવાઈ જાય એટલે ફરી મનુષ્ય જન્મ થતો હોય છે.''

''જી. સ્વામીજી. મારી આ શંકા પણ આપશ્રીએ દૂર કરી દીધી.'' મેં કહ્યું. (ક્રમશઃ)

**અનુ.પાના - ૨૫ નુ ચાલુ**

કાર્યક્રમો યોજવામાં આવશે. એવી જાહેરાત કરતાં કાર્યકરોસહિત સૌ શ્રોતાજનોમાં ખુશીની લહેર ઊઠી હતી.

આ સમગ્ર કાર્યક્રમના નાણાકીય સહાયના દાતાઓ સર્વશ્રી આશાબહેન કનુભાઈ પટેલ, નીતાબહેન બીપિનભાઈ પટેલ, મધુબહેન મોહનલાલ પટેલ, જ્યોતિબહેન પ્રમુખભાઈ પટેલ તથા અકે અન્ય સ્વજનશ્રીનું પણ યથોચિત સન્માન કરવામાં આવેલ.

સાંસ્કૃતિક કાર્યક્રમમાં છ વર્ષના બાળક વ્યોમ ભાવસારે સાત મિનિટ સુધી સતત, પોરો ખાધા વગર, અવાજના આરોહ-અવરોહ સાથે બુલંદ અવાજે 'શિવતાંડવ' રજૂ કરેલ હતું. જેના પ્રતિભાવરૂપે જનસમૂહ પોતાની બેઠક પરથી ઊભા થઈ 'સ્ટેડિંગ ઑવેશન'નું બહુમાન આપતા તેનાં માતા તુપ્તિબહેન તથા પિતા મોહનીશ ભાવસારની આંખો ભરાઈ આવી હતી. તથા વ્યોમને આપવામાં આવેલ કદર-રોકડ પુરસ્કારની રકમ પરત કરતાં તેના પિતા શ્રી મોહનીશભાઈએ સૌને પોતાનાં બાળકોને ગાયત્રીમંત્ર, ભગવદ્‌ગીતા, શિવમહિમ્ન સ્તોત્ર, હનુમાન ચાલીસા વગેરેની માહિતી આપી ભારતીય સંસ્કૃતિની ઓળખ મજબૂત કરવા જણાવેલ હતું.

પધારેલ મહેમાનો, સ્વજનો, શ્રોતાગણ, કાર્યકરોમાંથી કેટલાકે પૂજ્ય શ્રીની હાજરીનો અહેસાસ કરેલ હતો.

છેલ્લે જ્યોત્સનાબહેન પટેલ દ્વારા થાળ તથા સમૂહ આરતી તથા ભોજન પહેલાંની પ્રાર્થના કરી હરિઃૐ ના પ્રચંડનાદ સાથે પૂજ્યશ્રીના પ્રિય ખીચડી-કઢી-શાકનો પ્રસાદ ગ્રહણ કરી સૌ સ્વજનો છૂટા પડ્યા હતા.

ટ્રસ્ટી મંડળ, શ્રી હરિઃૐ સત્સંગમંડળ, અમદાવાદ.

**સ્વજન-બહેન** : અમને સ્ત્રીશરીર મળ્યું એથી ઘણી મર્યાદાઓ આવી ગઈ છે. સ્ત્રીનો અવતાર જ દુઃખ ભોગવવા મળ્યો હોય એવું લાગે છે.

**શ્રીમોટા :** શરીરના સ્થૂલને મહત્ત્વ આપવાનું નથી, પરંતુ શરીર વડે કરીને જે ઉત્તમ પ્રકારની ભાવના કેળવી શકાય એવું છે અને તે સાધન તરીકે છે, એવું જ્ઞાનભાન રાખી રાખીને શ્રીભગવાનની ભાવનાને સંસારવહેવારના સકળ કર્મમાં આપણે ઉતારવાની છે. જીવનમાં પ્રસંગ મળવાનું કારણ અને તેનો હેતુ કોઈ જુદા પ્રકારનાં છે, એ જો મનથી સાચી રીતે સમજી શકાય તો જ તેનો લાભ તે રીતે લેવાય. શરીરનો યોગ્ય ઉપયોગ થવાનું તેમાંથી જ્ઞાન પ્રગટે છે. ગુણનો આધાર મનની કઈ ભૂમિકા પર તે રહ્યો હોય છે તેના પર છે. જીવનમાં તમને આવી તપશ્ચર્યા કરવાનો મોકો સાંપડ્યો તે પણ જીવનનું એક સદ્ભાગ્ય છે.

આપણો સ્ત્રીનો અવતાર જીવાત્મા ને સાચી શરણાગતિ કેળવવા માટે મળેલી ભગવાનની અમૂલ્ય તક છે. જાણ્યે—અજાણ્યે સ્ત્રીને એ સ્થિતિમાં રહેવું જ પડે છે પરંતુ આપણે તો અજાણે તેવું રહેવું નથી. આપણા જીવનના વિકાસઅર્થે જ્ઞાનભક્તિભાવે જીવનની આ સ્થિતિ આપણે સ્વીકારી છે.

આ જમાનામાં સૌ કોઈને હક્કનો દાવો કરતાં સાંભળીએ છીએ. પરંતુ આજકાલ કોઈપણ જીવ ધર્મપાલનનો દાવો કરતો હોય કે ધરાવતો હોય એવું જાણ્યું નથી. જીવનના ધર્મના પાલનમાં આપોઆપ હક્ક સમાઈ જાય છે.

### બળાત્કાર થયો તોય શું?

**સ્વજન-બહેન :** મોટા! સ્ત્રીઓનું જીવન ખૂબ લાચારીભર્યું હોય છે. મને ઘણીવાર એવો ભય લાગે છે કે બળાત્કાર થાય તો સ્ત્રીની કેવી કરુણ સ્થિતિ થાય?

**શ્રીમોટા :** આપણે એકલા હોઈએ ત્યારે ને તે વેળા એવા અવાજોથી હરકોઈ સ્ત્રીને ડર થાય તે સમજાય તેમ છે. પણ તું સામાન્ય સ્ત્રી નથી, ને સામાન્ય સ્ત્રી આપણે રહેવાનું પણ નથી. ડર શાનો? જાતનો? તે ડર પણ શાને? ધારો કે બે-ત્રણ જણ મજબૂત લોકો આપણને ઘેરી વળે ને ધારો કે પરાણે બળાત્કાર કરે તોપણ શું થઈ ગયું? બળજબરીથી આપણો દાગીનો કે પર્સ લઈ જાય તો શું કરીએ છીએ? તેની જેમ ચિંતા નથી કરતાં તેમ દેહની ચિંતા નહિ કરવાની. દેહ ઉપર બળજબરી થાય તેથી શું થઈ ગયું? દેહ શું વિલાઈ ગયો? અભડાઈ ગયો? જીવન નકામું થઈ ગયું? એવા બધા તરંગો જૂનવાણીના છે. તેવા સંજોગોમાં આપણે ઝઝૂમીએ, તરત તાબે તો ના જ થઈએ સામનો કરતાં કરતાં પરાણે પરવશ થવાનું બને જ તો ભલે તેમ બની જાય. જોરજુલમ નથી જે

થાય ને જેમાં આપણો સાથ ના હોય તેના સંસ્કાર ના પડે. તેમાં આપણને કશું લાગેવળગે નહિ. મનથી અપવિત્ર થયા માનવાનું હોય નહિ.

હું તો કહું છું કે મનથી પણ કોઈક સાથે સ્વેચ્છાથી આડો વ્યવહાર થઈ ગયો હોય તેવી વેળા મનની તેવી દશા હોઈને તેમ થાય કે થયા કરાયું હોય અને પછીથી ભૂલ માલૂમ પડે ને અટકી જવાય તો તેથી તેમાં પણ કશું બગડી ગયું નથી હોતું. દેહ તેથી કંઈ વટલાઈ કે અભડાઈ જતો હોતો નથી. મારે મન તો તેવો દેહ જેવો પહેલાં હતો તેવો જ છે ને રહે. આ વિચારસરણી સમજજે, ને ડર કાઢજે. ડર રાખ્યેથી ઊલટું તે સામે આવે. ન હોય ત્યાંથી આવે તે પણ સાચું ને મન જેનો જેવો ડર રાખે તે પણ બની આવે તે પણ એટલું જ સાચું છે. એટલે તદ્દન નીડર બનીને રહેવું. સ્ત્રીઓની જાતને-દેહને એટલું બધું પ્રાધાન્ય આપીને ઊલટાં તેઓ બીકણ બન્યાં છે. ''સમાજ શું ધારશે?'' તેથી બીવાનું ના હોય. આપણે સમાજ માટે નથી જીવતાં, જાત માટે જીવીએ છીએ. જાતનો-દેહનો મુદ્દલે ડર રાખવો ના જોઈએ. આપઘાત કરવાનો વિચાર પણ બરાબર ના ગણાય. તેમ કરવાની જરૂર જ ના હોય.

કોઈ જાતની ચિંતા કે ડર ના સેવીશ. મર્દ બનજે. કશું થવાનું નથી. ને થાય તોપણ એ ની કૃપા સમજીએ. જેના ઉપર આપણો કાબૂ ના હોય, આપણા હાથની વાત ના હોય તેમાં આપણો દોષ નથી.

લગ્ન હજો મંગલમ્, આ.૭,પૃ.૧૬૮-૧૭૦

**અનુ.પાના નં– ૨૨ નું ચાલુ**

ધ્યાન ચિંતન, મનન અને સાધના. જે પૂજ્ય શ્રીમોટાએ નિર્માણ કરેલા મૌનરૂમોમાં સાધક મેળવી શકે છે. સાધના કોઈપણ વિઘ્ન કે નડતર વગર કરી શકે છે.

આ આખી વાતની એક નજાકત સમજવા જેવી છે. પશ્ચિમ જગતે વિજ્ઞાનમાં બહુ પ્રગતિ સાધી. એના પાયામાં એરિસ્ટોટલ, એનો ગુરુ પ્લેટો અને એના પણ ગુરુ સોક્રેટિસ અતિ ઊંચું સ્થાન ધરાવે છે.

સોક્રેટિસે પશ્ચિમના સમાજને વહેમ માન્યતા અને જડતાના કૂવામાંથી બહાર કાઢયો. (એ આકરી કૃપા બદલ એને મોતની સજા થઈ તે પણ તેને સ્વીકારી). અહીં પણ પ.પૂજ્ય શ્રીમોટાના વિચારો યાદ આવે. પૂજ્ય શ્રીમોટા પણ કહેતા કે ''મારે સમાજને બેઠો કરવો છે.''

જીવનના અંતિમ સમયે સોક્રેટિસે એના ચાહકો સાથે જે ચર્ચા કરી એમાં આત્માના સાક્ષાત્કાર વિષેની વાતો ઉપરાંત આત્માના અમરત્વની અને દેહની ક્ષણભંગુરતા વિષે જે વાતો કરી એ તો જાણે વેદ-ઉપનિષદની હોય એવું જ લાગે.'' હું દેહ નથી, હું મન નથી, હું શુદ્ધ ''આત્મા'' છું. આ તો ભારતીય દર્શન થયું. અહીં પૂજ્ય શ્રીમોટાના વિચારો મળતા આવે. એ રીતે જોતાં સોક્રેટિસ ભારતીય અને પાશ્ચાત્ય દર્શનની કડી જેવો લાગી શકે છે.

**ગતાંકથી ચાલુઃ**

મુનિશ્રી એટલા ફટાફટ આ આંકડા બોલી ગયા હતા કે ઓડિયન્સે તેમને વારંવાર વિનંતી કરવી પડી હતી કે થોડું ધીમેથી બોલો કારણ કે તમારી જેટલી પ્રોસેસિંગ અને મેમરી ક્ષમતા છે એટલી તો અમારી તમારા બોલેલા આંકડા લખી શકવાની પણ નથી.

ગાણિતિક કોયડાઓ અન્ય રીતે પણ રજૂ થયા હતા. જેમકે એક સાથે પચ્ચીસ પ્રેક્ષકોને આગળ બોલાવી મુનિશ્રીએ તેમને ચોક્કસ રકમ માંડવા કહ્યું હતું. છેવટે તેમણે દરેક બેચને અપાયેલી રકમનો શું જવાબ આવ્યો તે કહી આપ્યો હતો.

આ ઉપરાંત પ્રેક્ષકોને વિશાળ કોષ્ટકમાંથી ચોક્કસ આંકડા પસંદ કરવા જણાવાયું હતું. લોકોએ આપેલા આંકડા બાદમાં કલાકો પછી મુનિશ્રીએ ન કેવળ યાદ રાખીને પણ તેનો સચોટ સરવાળો પણ કહી આપીને લોકોને દંગ કરી દીધા હતા.

ગાણિતિક કોયડાનું સેકશન એ રીતે વિશિષ્ટ હતું કે તેમાં માત્ર મુનિશ્રીની સ્મરણશક્તિની જ નહિ પરંતુ સમાંતર ચાલતી જતી પ્રોસેસિંગ ક્ષમતાનો પણ પરિચય મળ્યો હતો. સાથે સાથે જટિલ અને વિશાળ ગાણિતિક કોયડાઓ સહજ રીતે ફટાફટ કેવી રીતે ઉકેલી શકાય તે પણ તેમણે દર્શાવી આપ્યું હતું.

એક ગાણિતિક કોયડો સ્ટ્રાઈકર્સને લગતો હતો. જેમાં બે બાજુ નંબરે લખેલા સ્ટાઈકર્સ એકઠાં કરી મુનિશ્રીને તેનો એકજ ભાગ દેખાય તે રીતે ઉછાળવામાં આવ્યા હતા. મુનિશ્રીએ બાદમાં આ સ્ટાઈકર્સના બીજા છેડાના આંકડાનો સરવાળો છેલ્લે કરી બતાવ્યો હતો.

**મલ્ટીટાસ્કિંગ :**

આ પ્રયોગમાં ત્રણ-ચાર કેટેગરીના અવધાન મુનિશ્રીએ એક પછી એક નહિ પરંતુ એક સાથે કર્યાં હતાં. જેમકે બે ગાણિતિક કોયડા પુછાયા હતા તે જ વખતે તે સમયે કેટલાક ભાવિકોને મુનિશ્રીને કોડી સ્પર્શ કરાવવાનું કહેવામાં આવ્યું હતું. તે જ વખતે સાથે સાથે એક ભાવિકે મુનિશ્રી સમક્ષ એક કટોરામાંથી બીજા કટોરામાં કેટલીક લખોટીઓ ઠાલવી હતી. તે જ વખતે તેની સાથે સાથે એક ભાવિકને ડંકા વગાડવાનું કહેવાયું હતું. આમ ગાણિતિક કવાયત, શ્રવણેન્દ્રિય, સ્પર્શેન્દ્રિય વગેરેની એક સાથે કસોટી લેવાઈ હતી. મુનિશ્રીએ કોયડાના સમીકરણો યાદ કરતી અને ઉકેલતી વખતે પોતાને કેટલી કોડી સ્પર્શી છે અને કેટલી લખોટી આમથી તેમ થઈ છે અને તે જ વખતે કેટલા ડંકા પડી રહ્યા છે તે બધું જ યાદ કરવાનું હતું અને તે તેમણે કરી બતાવતા લોકો આભા બની ગયા હતા.

**આત્મસાત્ કેલેન્ડર :**

અન્ય એક પ્રયોગમાં એક યુવકને તેની

જન્મતારીખ પૂછવામાં આવી હતી. તેણે પોતાની જન્મતારીખ ૨૦૦૨ ની પહેલી જૂન હોવાનું જણાવ્યું હતું આ માહિતી રજૂ થયાના કલાકો પછી મુનિશ્રીએ આ યુવકને તેની જન્મતારીખ સાથે સાથે તે દિવસે શનિવાર હતો તે પણ કહી બતાવ્યું હતું. મતલબ કે મુનિશ્રીએ કલાકો પહેલાં કહેવાયેલી જન્મતારીખ તો યાદ રાખી જ હતી પરંતુ સાથે સાથે મનોમન સમગ્ર કેલેન્ડરને પ્રોસેસ કરી તે દિવસે કયો વાર હતો તે પણ બતાવી દીધું હતું.

**૧૧ કલાક એક જ આસન :**

વહેલી સવારે સાડા સાત વાગ્યાના અરસામાં કાર્યક્રમ શરુ થયો હતો અને સાંજે આશરે સાડા છ વાગ્યાની આસપાસ તેની પૂર્ણાહૂતિ થઈ હતી. આ સમગ્ર સમય દરમિયાન જૈન મુનિશ્રી અજિતચંદ્ર સાગરજી મહારાજે એક જ આસન જાળવી રાખ્યું હતું. ઓડિયન્સમાંથી અન્ય કેટલાક લોકોએ અવરજવર કરી પાણી માટે કે અન્ય કોઈ કાર્ય માટે ઊભા થયા, વાતો કરી પરંતુ આચાર્યશ્રી એકદમ સ્થિર આસન જાળવી રાખી એક ધ્યાન લગાવી બેઠા હતા અને સમગ્ર કાર્યક્રમ જાણે કે રિપ્લે કરી આપ્યો હતો.

**ઓડિયન્સની કસોટી થઈ ગઈ :**

વહેલી સવારથી બૂકલેટ લઈને બેઠેલા હજારો લોકો એક પછી એક માહિતી, ગાણિતિક કોયડા, રજૂ થતી વસ્તુઓ બધું નોંધતા જતા હતા. પરંતુ, તમામ પ્રશ્નોની માહિતી તત્ક્ષણ નોંધવાનું તેમના માટે અઘરું થઈ પડયું હતું. હજુ બે ઘડી પહેલાં રજૂ થયેલી માહિતી પણ લોકો ભૂલી જતા હતા અને આજુબાજુવાળાને પૂછતા હતા કે પેલું શું બોલ્યા મને લખાવોને. કેટલીય વાર તો તેમણે સ્ટેજ પર એન્કરને કહેવડાવ્યું હતું કે આ માહિતી ફરીથી રજૂ કરોને. કેટલીય ચીજો ત્રણ ત્રણ વાર બોલીને સંભળાવાઈ હતી. આ તબક્કે લોકોને અહેસાસ થયો હતો કે આપણે સાંભળી સાંભળી કે જોઈને લખવાનું છે છતાં પણ બે ઘડી પહેલાંની વાત પણ આપણે ભૂલી જઈએ છીએ તો મુનિશ્રી તો કલાકો પહેલાંની રજૂ થયેલી તમામ વિગતો, સાથે સાથે કાર્યક્રમમાં આવતા બીજા અનેક ઉપક્રમો વગેરેને સમાંતર રાખીને પણ બધું યાદી રાખી રહ્યા છે અને પ્રોસેસ પણ કરી રહ્યા છે. આ તબક્કે તેમનો અહોભાવ બેવડાઈ ગયો હતો.

**કોમ્પ્યુટર - મોબાઈલ જેવું મનનું મલ્ટીટેબઃ**

જવાબો રજૂ કરવાનું સેશન શરુ થયું ત્યારે મુનિશ્રીને કોઈ કોઈ પ્રશ્નના જવાબ તત્કાળ યાદ ન હતા આવ્યા. તે એટલા અવધાન છોડીને આગળના જવાબો આપવા લાગતા હતા. જોકે, છેલ્લે છેલ્લે તેમણે કયા કયા પ્રશ્નો પોતે અગાઉ છોડી દીધા છે તે પણ યાદ કરી કરીને છેવટે તમામના જવાબો આપી દીધા હતા. આ બાબતમાં તેમના ગુરુ શ્રી આચાર્ય નયચંદ્રસાગર સુરિશ્વરજી મહારાજે જણાવ્યું હતું કે જેમ કોમ્પ્યુટર કે મોબાઈલમાં અનેક ટેબ હોય છે. અને આપણે અનેક ટેબ કે એપમાં સમાંતર કામ કરીએ છીએ તેમ મુનિશ્રીના મનમાં પણ સ્મરણ અને પ્રોસેસિંગના અનેક ટેબ સમયાંતરે કામ કરે છે. એકમાં માહિતી જલદી ડાઉનલોડ થાય પરંતુ બીજામાં તેમાં વાર લાગે તેવું બની શકે ખરું. પણ બધી માહિતી ડાઉનલોડ થશે ખરી. આ વાત સાચી પડી હતી અને સૌથી છેલ્લે વિદેશી ભાષાના શબ્દો અને વિદેશી રાષ્ટ્રધ્વજના બાજુ

પર છોડી દેવાયેલા પ્રશ્નોના જવાબ પણ આપી દેતાં ઓડિયન્સમાંથી હર્ષના પોકારો ઊઠયા હતા અને લોકો હરખના માર્યા મંચ તરફ ધસી ગયા હતા.

**મહારાષ્ટ્રમાં સરસ્વતી સાધના કરાવાશેઃ**

મુંબઈ, મહારાષ્ટ્રના આંગણે આવો ઐતિહાસિક અવસર યોજાઈ રહ્યો હોવાથી રાજય સરકાર વતી તેમાં હાજરી આપવા માટે મુખ્યપ્રધાન એકનાથ શિંદે પણ થોડા સમય માટે કાર્યક્રમમાં આવ્યા હતા. તેમણે કહ્યું હતું કે શ્રી સરસ્વતી સાધના રિસર્ચ ફાઉન્ડેશનના નેજા હેઠળ જે કાર્ય થઈ રહ્યું છે તેનો મહારાષ્ટ્ર સરકાર રાજયની શાળાઓનાં બાળકોની માનસિક ક્ષમતા વધે તે માટે અમલ કરાવશે. તેમણે આ ફાઉન્ડેશનના ડિજિટલ કોર્ષનો પ્રારંભ કરાવ્યો હતો.

**સાયન્સ માટે આ પડકાર :**

સહસ્ત્રાવધાન વખતે અમદાવાદના ન્યુરોલોજીસ્ટે આ પ્રસંગે એક પ્રેઝન્ટેશન આપ્યું હતું. તેમાં તેણે આપણે કઈ રીતે ચીજો યાદ રાખીએ છીએ તે સમજાવવાની સાથે સાથે સ્વીકાર્યું હતું કે મુનિશ્રીએ જે સિધ્ધિ હાંસલ કરી બતાવી છે તે આધુનિક વિજ્ઞાન માટે એક મોટો પડકાર છે. તેનાથી વિજ્ઞાનમાં સંશોધનની નવી દિશા ખુલી છે. માનવીના મગજને કઈ ક્ષમતાએ વિકસાવી શકાય છે કે તેની ક્ષમતા કેટલી અનેકગણી વધારી શકાય છે તેનો (આ) પુરાવો છે. (સંપૂર્ણ.)

સાભાર, ગુજરાત સમાચાર તા.૨.૫-૨૦૨૪

**અનુ.પાના નં. - ૨૬ નુ ચાલુ**

દાખલા એકઠા કરી રાખવા જોઈએ જેના આધારે ભવિષ્યમાં બાયોગ્રાફી થઈ શકે.

શ્રી રમેશભાઈએ આ દિશામાં ‘હરિભાવ’ ના માધ્યમ દ્વારા પ્રયાસ કર્યા હતા. તે બાદ તેમના અનુગામી શ્રી પ્રભુદાસ જાનીએ પણ તે દિશામાં પ્રયત્ન ચાલુ રાખ્યા હતા. તેના પરિણામરૂપે જે સ્વજનોનાં નિવેદન મળેલાં તે ‘હરિભાવ’ માં પ્રકાશિત થયા હતાં. પરંતુ ‘બાયોગ્રાફી’ તૈયાર કરવા સુધી કામગીરી પૂર્ણ થઈ ન હતી.

હવે શ્રી હરિઃૐ સત્સંગમંડળ અમદાવાદ દ્વારા આવાં નિવેદનો એકત્રિત કરાયાં છે. નરોડા મુકામે તા.૦૨-૦૬-૨૦૨૪ ના રોજ આ ગ્રંથનું ‘પૂજ્ય શ્રીમોટાની બાયોગ્રાફી સ્વજનોનાં નિવેદન’ના ટાઈટલથી વિમોચન કરાયું છે. તેમાં અંદાજે ૧૫૦ જેવા સ્વજનોના પૂજ્ય શ્રીમોટાની કૃપાસહાયના પ્રસંગો છે. લગભગ ૪૦૦ થી વિશેષ પૃષ્ઠના આ ગ્રંથની પડતર કિંમત રૂા.૨૦૦/- જેવી છે. તેની વેચાણ કિંમત - સહયોગરાશી રૂા.૫૦/- છે.આ ગ્રંથની ૧૦૦૦ પ્રત પ્રિન્ટ કરવામાં આવી છે.

પૂજ્ય શ્રીમોટાના બહોળા સ્વજન સમુદાયની જાહેર જાણકારી માટે ‘હરિભાવ’ના માધ્યમ દ્વારા આ ગ્રંથનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જે સ્વનજનોને આ ગ્રંથની જાણકારી મળી છે તેઓ તરફથી તીવ્રગતિએ આ ગ્રંથોનો ઉપાડ થઈ રહ્યો છે.

નીચેનાં મોબાઈલ નંબર ઉપર આ અંગે સંપર્ક સાધવા વિનંતી છે.

(૧) ૭૦૬૯૯૫૨૨૮૫ (૨) ૯૪૨૭૫૫૪૩૯૧

(૩) ૯૮૨૫૦૩૮૧૦૧

તમે એમને કેમ કાંઈ કહેતા નથી ? કેમ કાંઈ પૂછતા નથી ? આ બધાં ધતિંગ કેમ ચલાવ્યે રાખો છો ? નિશિકાન્ત ભટ્ટાચાર્ય નામે માના એક મામાના દીકરા ભાઈ હતા. માની આસનપ્રાણાયામ વગેરે પ્રવૃત્તિઓ પર બહુ ધ્યાન ન આપવા માટે, અને એમ કરતાં માને અટકાવવા માટે અનેકવાર તેઓ ભોલાનાથજીને ધમકાવતા. એ જ રીતે એકવાર ધમકાવી રહ્યા હતા. મા એક ઓરડામાં, ખૂણામાં બેઠાં બેઠાં સાંભળી રહ્યાં હતાં.

એકદમ એમનો ભાવ બદલાઈ ગયો. સાડી માથેથી સરી પડી. વાળ વિખરાઈ ગયા. નિશિકાન્તની તરફ ફરીને એમને ગર્જના કરી, શું બકે છે ?

નિશિબાબુ તો ડરી ગયા. એટલે માએ એ જ રૂપમાં પણ કાંઈક હસીને ડાબા હાથે એમની દાઢી પકડી, મૃદુ સ્વરમાં કહ્યું,

‘બી ગયા ! બીશો મા; બીશો નહિ.’

‘તમે છો કોણ ?’ હિંમત આવતાં નિશિબાબુએ પૂછ્યું.

‘પૂર્ણબ્રહ્મ નારાયણ.’ સૌ ચકિત બન્યા.

‘તું કોણ છે?’ ભોલાનાથજીએ પૂછ્યું.

‘મહાદેવી. મહાદેવ!’

‘હું કોણ છું ?’

‘મહાદેવ’

નિશિબાબુ :-તમે સંધ્યા વગેરે કરો છો. તો! શું તમારી દીક્ષા થઈ ગઈ છે? ’

‘હા, થઈ ગઈ છે.’

‘અને રમણિબાબુએ પણ દીક્ષા લીધેલી છે.’

ના. પાંચ માસમાં

સૌર અગહન કી ૧૫ તારીખ કા, બૃહસ્પતિવાર દ્વિતિયા તિથિ કો હોગી?

‘નક્ષત્ર ?’

‘પેલા જાનકીબાબુને પૂછો. બોલાવો. અત્યારે એ તળાવ કિનારે બેઠા બેઠા માછલાં પકડે છે.’ ખરું જોતાં આ સમય તો જાનકીબાબુને કચેરીએ જવાનો હતો, છતાં એમની તપાસ કરતાં તેઓ ત્યાંથી જ મળ્યા. એમને બોલાવ્યા. પંચાંગ જોયું તો વાર, તિથિ, તારીખ બધું બરાબર બંધ બેસે !

જાનકીબાબુ : આપ કોણ છો ? ...

‘પૂર્ણબ્રહ્મ નારાયણ.’

‘તમે તો શયતાની છો.’

‘નહિ’. પૂર્ણબ્રહ્મ નારાયણી.’

‘ઠીક......તો પરિચય આપો!.’

માએ ઊભા થઈ ભોલાનાથજીને માથેથી પગ સુધી આંગળી ફેરવી. એમની આંખો ઊંચી ચડી ગઇ. શરીર બેહોશ બની ગયું. દશા સમાધિસ્થ બની. એક કલાક ઉપર થયું. આસુ શાળાએથી આવ્યો. જોયું તો, કાકા બેહોશ, માની વળી અજબ જ હાલત, સૌ ચૂપચાપ ભયભીત. એણે જોરથી રોવા માંડ્યું. આખરે જાનકીબાબુએ

માને પ્રાર્થના કરી. ભોલાનાથને ઠીક કરવા વિનંતિ કરી. માએ ફરીથી અંગુલિસ્પર્શ દ્વારા

એમને જાગ્રત કર્યા. એ કહેવા લાગ્યા, ''અરે, હું કયાં હતો? કેટલો આનંદ! અવર્ણનીય અનુભવ !'' માએ પોતાની સ્થિતિ પ્રાપ્ત કરી.

વર્ષોબાદ એક ભાઇએ માને પૂછેલું, ''મા, જો પૂર્ણબ્રહ્મ તમારું શરીર છોડીને પણ પાછા ચાલ્યા જાય છે, તો અમારું તો શુંયે થાય ?'' મા : કોણ કોને છોડીને જવાનું છે! હું પાતે જ એ છું.

• • •

ભોલાનાથજી*ની બદલી અષ્ટગ્રામથી બાજીતપુર થઈ. મા ત્યાં આવ્યાં. અહીંથી જ નિયમિત ને વ્યવસ્થિત સાધન-ભજન, જપજપાદિક શરુ થયાં. દિવસે એ અનાસક્તપણે સઘળાં ઘરકામો કરતાં રાત્રે જયારે ભોલાનાથ સૂઈ જતા ત્યારે એક ખુણામાં આસન વાળીને જપ-તપ વગેરે સાધન શરુ કરી દેતાં.

આત્મસ્ફુરણાથી જ જુદાં જુદાં આસન, મુદ્રા, પૂજાવિધિ વગેરે ક્રિયાઓ એમના શરીરમાં આપોઆપ થતી+ જે એરડામાં આ ક્રિયાઓ થતી તેને તેઓ નિર્મળ રાખતાં. એની આસપાસનો ભાગ પણ લીંપીગૂંપીને સ્વચ્છ રાખતાં. એમની ક્રિયાએ કોઈ કોઇવાર લોકો જોઈ જતા. કોઈને એમાં ગાંડપણ લાગતું. કોઈને ઢોંગ લાગતો. કોઇને રોગ-લાગતો. કોઈ એને ભૂતપલીતનો વળગાડ કહેતું તો કોઇ એને મેલી વિદ્યાની સાધના કહેતું. ને એ પ્રમાણે ભોલાનાથજીને પણ લોકો વૈદ્ય, ડૉક્ટર, ભૂવાની સલાહ લેવાનું કહેતા. ભોલાનાથજીએ ભૂવાઓને બતાવ્યું. ભૂવા બિચારા કયા ભૂતને એમનાં શરીરમાંથી કાઢે. સર્વ 'ભૂતો'માં વસેલો 'મહાભૂત' એના સર્વોત્તમ સ્વરૂપે એમાં વસેલો હોય ત્યાં? કાલીકચ્છના ડૉક્ટર મહેન્દ્ર નન્દીએ માને જોઇ ભોલાનાથને સલાહ આપી, આ તો એક ઊંચી અવસ્થા છે, બીમારી-ફીમારી નથી. આનું પ્રદર્શન જ્યાં ત્યાં ન કરતાં.'

૧૯૨૨ના વૈશાખમાં માના ભાવમાં વિશેષ પરિવર્તન આવવા લાગ્યું. એ જ વર્ષના શ્રાવણની પૂર્ણિમાની રાત્રીએ આપોઆપ માની દીક્ષાક્રિયા મનોમન થઈ ગઇ. ત્યારપછી પાંચ માસ સુધી 'મા' આસન, પ્રાણાયામ, મુદ્રા વગેરે કરતાં જ રહ્યાં.

એ જ સાલમાં ભોલાનાથજીને પણ માએ દીક્ષા આપી અને આંતરબાહ્ય શુદ્ધિ, શુચિ રાખવાનો ઉપદેશ આપ્યો. માને ઓળખનાર ભોલાનાથજીએ એમનુ' ગુરુપદ સ્વીકાર્યું. 'મા' એમના પણ મા બન્યાં.

★ આ દરમ્યાન મા'ના ભક્તોની સંખ્યા સારી એવી થઇ રમણિબાબુ પણ 'મા'ની ભક્તિમાં જોડાયા. ભક્તો એમને ભોલાનાથજીના નામે ઓળખવા લાગ્યા, ને ઓળખે છે.

+ માની સાધનાક્રિયા બાબતમાં એક સ્પષ્ટીકરણ કરવું જરૂરી છે. માએ, ખરું કહીએ તો, જીવનમાં કોઈપણ પ્રકારની સાધના કરી જ નથી. જન્મથી જ મા પૂર્ણજ્ઞાની છે. એવું કહેવાય છે કે તેમના શરીરમાં બધી સાધનાઓનો પૂર્ણ વિકાસ થયો હતો; પણ તેમાંના કોઈમાં માનો કંઈ હિસ્સો કે અંગત પ્રયત્ન ન હતા.

મા આનંદમયીના સાંનિધ્યમાં, આ.પ્રથમ, પૃ.૧૯-૨૨

## (૮) સોક્રેટિસ અને પૂજ્ય શ્રીમોટા

કોકિલાબહેન કે. બરાઈ

આજથી લગભગ અઢી હજાર વર્ષ પહેલાંનું આત્મસાક્ષાત્કારમાં દેહ અડચણરૂપ ગણાય કે સહાયરૂપ ? આ વિષય પર સોક્રેટિસે એના શિષ્યો સિમિયસને સેબેસ સાથે કરેલી ચર્ચામાં પ.પૂજ્ય શ્રીમોટાના વિચારોનું પ્રત્યક્ષ દર્શન જોવા મળે છે.

પ.પૂજ્ય શ્રીમોટા કેટલા દૂરદર્શી અને અગમચેતીવાળા હતા. તે હજારો વર્ષ પહેલાંનાં સોક્રેટિસ જેવા ફિલોસોફરના વિચારોમાં તેમના વિચારોનું પ્રતિબિંબ જોવા મળે છે. સોક્રેટિસને વાંચીએ તો પૂજ્ય શ્રીમોટા બોલી રહ્યા છે એવો અનુભવનો અહેસાસ થાય છે.

સોક્રેટિસે કહ્યું કે, સાચો ફિલોસોફર સદાય મૃત્યુનો પ્રેમી હોવો જોઈએ. આ વાતે સોક્રેટિસના શિષ્યોએ સવાલ ઉઠાવ્યા ત્યારે સોક્રેટિસે જવાબમાં કહ્યું અસલી ફિલોસોફર સદાય મૃત્યુનું ચિંતન કરતો રહે છે અને મરતો રહે છે. આવી વ્યક્તિ મૃત્યુ આવે ત્યારે શા માટે દુઃખી થાય ?

પછી સોક્રેટિસે પૂછયું મૃત્યુ જેવું કશું છે ? કે નથી હોતું ? શિષ્યે કહ્યું આ તે કેવો સવાલ છે ? મૃત્યુ તો છે જ. એટલે સોક્રેટિસે કહ્યું હવે તમે મને કહો કે જે ફિલોસોફર છે, સાધક છે, એને દેહમાં ઓછો રસ પડે એ સ્વાભાવિક નથી શું?

જે માણસને પરમ સત્યની તલાશ હોય એ શારીરિક ભોગવિલાસ પ્રત્યે ઉદાસીન હોય કે ન હોય ? શિષ્યે કહ્યું હોય. બરાબર - દાર્શનિક સાધક શરીરની કેવળ મૂળભૂત જરૂરિયાતો જ પૂરી કરશે, ભૌતિક વસ્તુઓથી એને ચીડ ચડશે. શું કામ ? ભૌતિકતા એને અડચણરૂપ લાગે છે, એ કેવળ આત્મા પર જ ધ્યાન કેન્દ્રિત કરવા માગે છે. કારણ કે ઇન્દ્રિયો દ્વારા આપણને જે જ્ઞાન મળે છે તે ભ્રામક ને ગૂંચવનારું હોય છે.

હું (સોક્રેટિસે) અહીં દુન્યવી જ્ઞાનની વાત નથી કરતો, હું વાત કરી રહ્યો છું આત્માના જ્ઞાનની - પરમ જ્ઞાનની.

કોઈ સાધક આત્મચેતનાનું ધ્યાન-ચિંતન સારી રીતે કયારે કરી શકે ? જ્યારે તેને દુન્યવી અવાજો પીડે નહિ, વિલાસ જેવું કશું વચ્ચે આડું ન આવે ત્યારે.

અહીં પૂજ્ય શ્રીમોટાના મૌનરૂમોની વ્યવસ્થા યાદ આવે. પૂજ્ય શ્રીમોટાના સાધકોની સાધના માટેની દૂરદર્શિતા કેટલી પ્રબળ હશે ત્યારે મૌનરૂમોનું નિર્માણ પૂજ્ય શ્રીમોટાએ કર્યું હશે. બે હજાર વર્ષ પહેલાં સોક્રેટિસના વિચારોનું મૂર્તસ્વરૂપ, ફળસ્વરૂપ મૌનરૂમો છે. ને તેના આધ્યાત્મ ચિંતનના વિચારો પણ પ.પૂજ્ય શ્રીમોટાના સમકક્ષ છે. સોક્રેટિસને વાંચીએ ત્યારે પ.પૂજ્ય શ્રીમોટાનું વ્યક્તિત્વ માનસપટ પર ચિત્રની જેમ દોરાઈ જાય. જીવ-જીવન ને જગતને તેનાં શુદ્ધ ને મૂળરૂપમાં જોવા માટે જરૂરી છે.

**અનુ.પાના - ૧૬ પર**

## (૯) શ્રી હરિઃૐ સત્સંગ મંડળ, અમદાવાદના સ્નેહમિલનનો અહેવાલઃ ટ્રસ્ટી મંડળ

પંરપરા અનુસાર શ્રી હરિઃૐ સત્સંગમંડળ અમદાવાદનો સ્નેહમિલન સમારંભ તા.૦૨-૦૬-૨૦૨૪ ને રવિવારના રોજ શ્રી એન.વી.પટેલ વિદ્યામંદિર સંકુલ-નરોડા ખાતે ઉત્સાહના વાતાવરણ વચ્ચે ઊજવાઈ ગયો.

ઉપસ્થિત મહેમાનોના હસ્તે દીપ પ્રાગટ્ય બાદ સર્વશ્રી ભારતીબહેન પંડયા, ઉષાબહેન પથ્થરવાળા, આશાબહેન પટેલ, ગાયત્રીબહેન રાવલે ગુરુસ્તોત્રો,શ્રીમોટા ચરણે, હરિઃૐ ધૂન પ્રસ્તુત કરેલ જેને પ્રજ્ઞાચક્ષુભાઈ શ્રી રણજિતભાઈ પુરોહિતે ઢોલકથી તાલ આપેલ.

ધો.૧૦, ૧૨ તથા ઉચ્ચ શૈક્ષણિક શાખાઓમાં ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓને ગુણવત્તાના ધોરણે પસંદ કરી યથોચિત રીતે સન્માન કરવામાં આવેલ. નામસ્મરણ લેખનપોથી લખનાર સ્વજનોનું પણ સન્માન કરવામાં આવેલ.

પૂજ્ય શ્રીમોટા સમાજમાં ગુણભાવ વધે, સંવર્ધન થાય તેના ખાસ આગ્રહી હતા. જેને ધ્યાનમાં રાખી શ્રી હરિઃૐ સત્સંગમંડળ ગુજરાતમાંથી સાહસ, હિંમત, બહાદુરી, મર્દાનગી, પ્રામાણિકતા જેવાં કાર્યો કરનાર વ્યક્તિઓને શોધી, સ્નેહમિનમાં આમંત્રિત કરી બહુમાન કરે છે. આ સંમેલનમાં આવી ૧૦ વ્યક્તિઓને નોંતરી રોકડ રકમ, ટ્રોફી, પૂજ્ય શ્રીમોટાનું પુસ્તક સપ્રેમ આપી યથોચિત સન્માન કરેલ. જેની ટૂંકી વિગત અત્રે રજૂ કરેલ છે.

(૧) શ્રી લોકેન્દ્ર બાલાસરિયા :- શ્રી લોકેન્દ્રભાઈ 'પર્યાવરણ' પ્રેમી છે. 'ટ્રી વૉક' જૂથ અમદાવાદ-ભાવનગરના સ્થાપક છે. જળસંચય જૂથ તથા વરસાદનું પાણી 'ખંભાતી કૂવા' મારફતે ભૂગર્ભમાં ઊતરી જળસ્તર ઊંચું લાવવા મથતી 'પ્રવાહ' સંસ્થાના ટ્રસ્ટી છે. તેમના પ્રયત્નોથી ૫૦૦ કુટુંબો ઘરેથી નીકળતા 'કીચન વેસ્ટ' નો ઉપયોગ કરી ખાતર બનાવે છે. અનેક કુટુંબોને 'ઝીરો કાર્બન લાઈફ સ્ટાઈલ' અપનાવવા પ્રેરીત કર્યા છે. સોસાયટીઓ, ઔદ્યોગિક વસાહતો, ફ્લેટો વગેરેની રૂબરૂ મુલાકાત લઈ ખંભાતી કૂવાના માધ્યમથી વરસાદી પાણી ભૂગર્ભમાં ઊતારી જળસ્તર ઊંચું લાવવા સમજાવે છે. તેમની સંસ્થાના પ્રયાસોથી અત્યાર સુધીમાં ૧૫૦ કરોડ લીટર પાણી જમીનમાં ઉતારવામાં કામયાબ રહ્યા છે.

શ્રી બીરેનભાઈ જે. પટેલના હસ્તે શ્રી લોકેન્દ્રભાઈનું સન્માન કરવામાં આવેલ.

(૨) શ્રી પ્રજ્ઞેશભાઈ પંડ્યા :- સને ૧૯૯૪થી નડિયાદથી ગીતામંદિર શાખામાં વ્યવસ્થાપક તરીકે સેવા આપે છે. આયુર્વેદ-ધન્વંતરિની પદવી ધરાવે છે. 'જ્યોતિષી માર્તંડ'ની મહાઉપાધિ ધરાવે છે. ગીતામંદિર વડોદરાના ડૉ. પૂજ્ય ગીતાબહેનના માર્ગદર્શન નીચે નડિયાદ, વસો, પેટલાદ, અમદાવાદની શાળાઓ, સંસ્થાઓમાં રૂબરૂ મુલાકાત કરી 'ભગવદ્‌ગીતા' સમજાવે છે. પ્રચાર-પ્રસાર કરે છે. ગીતા જયંતિ, ઉત્સવો, મહોત્સવો ઊજવે છે. કાર્યક્રમો કરે છે. આજીવન ગીતાનો પ્રચાર કરીશ, જિંદગીના છેલ્લાં શ્વાસ સુધી ભગવદ્‌ગીતાને સમર્પિત છું આ તેઓશ્રીનો સંકલ્પ છે.

ડૉ. અનિલભાઈ રાવલ ના હસ્તે શ્રી પ્રજ્ઞેશભાઈને સન્માનિત કરવામાં આવેલ.

(૩) શ્રી હર્ષાબહેન ચાવડા :- કુટુંબને ટેકો થાય એવા હેતુસર શ્રી હર્ષાબહેન અમદાવાદની ન્યૂકલોથ બજારમાં કામ કરે છે. બજારના દરવાજા નંબર પાંચ પાસેથી તેઓશ્રીને રૂા.૧,૫૦,૦૦૦/ ભરેલ ઝોળી મળી. લોભ, લાલચને વશ વગર તેઓશ્રીએ આ થેલી બજારના મંત્રી શ્રી ભગતસાહેબના માધ્યમથી મૂળ માલિકને પરત આપી હતી. શ્રી હર્ષાબહેને પ્રામાણિકતાનું કાર્ય કરી સમાજમાં ઉત્તમ દાખલો બેસાડ્યો છે.

શ્રી હર્ષાબહેનનું સન્માન સંસ્થાના ટ્રસ્ટી શ્રીમતી જ્યોતિબહેન પટેલ દ્વારા કરવામાં આવેલ.

(૪) અંબિકાબહેન પંડ્યા :- M.A.LLB., પત્રકાર, પ્રૂફ રીડર છે. ગુજરાતનાં ઘણા સાહિત્યકારો પોતાની કૃતિઓના પ્રકાશનાર્થે 'પ્રૂફ રીડર' તરીકે અંબિકાબહેનને પસંદ કરે છે. તેમનું સૌથી મોટું સામાજિક કાર્ય તો ભગવદ્ગીતાના પ્રચાર-પ્રસારનું છે. WhatsAppના માધ્યમથી અનેક જૂથો બનાવી સેંકડો લોકોને ભગવદ્ગીતામાં રસ લેતા કર્યા છે. ભગવદ્ગીતા શ્લોક પઠન, વિચાર-વિસ્તાર, મુખપાઠ વગેરે કાર્યક્રમો યોજે છે.

શ્રીમતી અંબિકાબહેનનું સન્માન મહાજન શક્તિદળના પ્રમુખ શ્રીમતી દક્ષાબહેને કરેલ.

(૫) કપિલભાઈ ઓઝા :- ઈલે.એન્જિનિયર, ઉદ્યોગપતિ, ૮૨ વર્ષના સિનિયર સિટીઝન, સ્પષ્ટવકતા, સંસ્કૃતના વિદ્વાન, પુસ્તકપ્રેમી તથા વેદોના ઉપાસક એવા કપિલભાઈ ઓઝા વર્ષોથી વેદનું ગુજરાતીકરણ કરે છે. વર્ષોથી 'કુમાર' સામયિકમાં લખે છે. અત્યારે આશરે ૨૫૦૦૦ પૃષ્ઠ વેદના ગુજરાતી અનુવાદ અને તેના વિવેચન માટેના લખેલા તૈયાર છે. જે અનુકૂળતાએ પુસ્તકરૂપે પ્રગટ થશે. તેઓશ્રી ગાંધીઆશ્રમ કોચરબ ખાતે તથા ગૂજરાત વિદ્યાપીઠ ખાતે અઠવાડિક વ્યાખ્યાન આપે છે.

શ્રી કપિલભાઈ ઓઝાનું સન્માન આ સંસ્થાના પ્રમુખ શ્રી ગિરીશભાઈ પંડ્યાએ કરેલ.

(૬) અથર્વ દિપકભાઈ પટેલ :- માત્ર ૧૭ વર્ષની ઉંમરનો વિદ્યાર્થી, જે બુક લખે છે તથા તેની બુકની વાત મા.વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી 'મનકી બાત' કાર્યક્રમમાં પણ કરે છે. તથા મંચ ઉપર હાજર મહાનુભાવોને તે બુક પણ આપે છે તેનું સન્માન શ્રી બીરેનભાઈ પટેલે કરેલ.

(૭) માહિન દિનેશકુમાર પટેલ :- માત્ર ૧૫ વર્ષનો માહિને રોલર સ્કેટિંગમાં ઈન્ટરનેશનલ લેવલે અનેક મેડલ પ્રાપ્ત કરેલ છે. છેલ્લે બેંગકોક-થાઈલેન્ડમાં ૧૦૦૦ સ્પર્ધકોમાં ૧ પ્રથમ નંબર લાવી મેડલ પ્રાપ્ત કરે છે તેનું સન્માન પ્રમુખ શ્રી ગિરીશભાઈ પંડ્યાએ કરેલ.

(૮) રીટાબહેન રમેશભાઈ કડિયા :- ઉંમર ૮૫ વર્ષ અને એનક તરણ-સ્પર્ધા જેઓએ સફળતાપૂર્વક જીતેલ છે. તેવા તાજેતરમાં થયેલ એક સ્પર્ધામાં 'બેડસ્ટ્રોક'માં પ્રથમ સ્થાન હાંસલ કરેલ. જેમાં પાણીમાં સૂતા સૂતા, તરતા તરતા પેપર વાંચવાની સ્પર્ધા જીતે છે. તેઓશ્રીનું સન્માન સંસ્થાના ટ્રસ્ટી શ્રીમતી જ્યોતિબહેને કરેલું.

(૯) જાગૃતિબહેન લક્ષ્મીદાસ અટારા:- જેઓ ગુજરાત રાજયના શ્રેષ્ઠ શિક્ષક તરીકે ગૌરવ પામ્યા છે. તેમજ તેમને અનેકવિધ સિધ્ધિઓ આ 'શિક્ષણ' વ્યવસાયમાં મેળવી છે. તેમનો અનેક સંસ્થાઓ સંપર્ક કરી પોતાની સંસ્થામાં જ્ઞાનના વિકાસ માટે

વિદ્યાર્થીઓને લાભ અપાવે છે. તેઓશ્રીનું સન્માન શ્રી રજનીભાઈ બરમાવાળાએ કરેલ.

(૧૦ અને ૧૧) જાનકી દિપકભાઈ ભાવસાર તથા વીર દિપકભાઈ ભાવસાર :- આ બંને ભાઈ-બહેન ગુજરાત લેવલે રામાયણ ચિત્રકામ વિભાગમાં ભાગ લઈ અનેકને પ્રેરણા પૂરી પાડે છે. તેમના વતી ભાવસાર સમાજના પ્રમુખ શ્રીમતી મીનાબહેને સન્માન સ્વીકાર્યું હતું.

સ્નેહમિલનનો મુખ્ય કાર્યક્રમ પૂજ્ય શ્રીમોટાની ૧૨૫મી જન્મજયંતીની ઉજવણી નિમિત્તે શ્રી હરિઃૐ સત્સંગમંડળ દ્વારા તૈયાર કરવામાં આવેલ ગ્રંથ ‘‘પૂજ્ય શ્રીમોટાની બાયોગ્રાફી-સ્વજનોનાં નિવેદન’’ ના વિમોચનનો હતો.

સ્વ. રમેશભાઈ ભટ્ટની પ્રેરણા, ‘હરિભાવ’ ના પૂર્વ તંત્રી-સંપાદકશ્રી પ્રભુદાસ જાનીની દીર્ઘદૃષ્ટિ અને કાર્યકર નીતિન રામીની ધગશના પરિપાકરૂપે આ ગ્રંથ તૈયાર થયેલ છે. ગ્રંથ વિષેની ટૂંકી માહિતી રજૂ કરી ઉપસ્થિત સૌને ગુરુવંદનારૂપે ગ્રંથની ખરીદી કરવા સૂચન કરવામાં આવેલ.

વિમોચનના પ્રસંગ પર વકતવ્ય આપતા શ્રી બીરેનભાઈ પટેલે જણાવેલ કે, પૂજ્ય શ્રીમોટાના પત્રો, સ્વજનોને થયેલા પૂજ્ય શ્રીમોટાના અનુભવો, પૂજય શ્રીમોટાની વાણી વગેરેનું Documentation કરવું અત્યંત જરૂરી છે. જેનાં પ્રથમ ચરણરૂપે આ ‘ગ્રંથ’ સ્તુત્ય અને આવકારદાયક ગણાશે. મૌનમંદિરનો લાભ લેતા મૌનાર્થીઓના નિવેદનોનું પણ આવું જ દસ્તાવેજીકરણ થાય તે અત્યંત જરૂરી છે. આ કાર્ય ઉપાડી લેવા તેઓએ શ્રી હરિઃૐ સત્સંગમંડળને અનુરોધ કરેલ.

પ્રિન્ટવિઝન સંસ્થાના માલિક શ્રી યજ્ઞેશભાઈ પંડયા સાહેબ આ પ્રસંગે હાજર હોઈ સાહિત્ય મુદ્રણાલયનો ઉલ્લેખ કરી સ્વ.પિતા શ્રી વિષ્ણુપ્રસાદ પંડ્યા પર પૂજ્ય શ્રીમોટાની કેટલી કરુણા હતી. તેનું બયાન કરેલ. પૂજ્યશ્રીએ સાહિત્ય મુદ્રણાલયમાં આવેલ છાપકામ યંત્રનું ઉદ્‌ઘાટન કરેલ તે પણ જણાવતાં સૌ ગદ્‌ગદ્ થયેલ.

કુંભકોણમ્‌ના સ્વજનશ્રી સુરેશભાઈના પુત્રી આશાબહેન નાણાવટીએ પોતાની દસ વર્ષની ઉંમરે આરંગેત્રમના પ્રસંગ વેળા પૂજ્યશ્રીએ પોતાના ચક્ષુઓથી કેવી રીતે આશીર્વાદ પાઠવી આત્મવિશ્વાસ વધારેલ તે વર્ણવતા ઉપસ્થિત જનસમૂહમાં આનંદની લાગણી ફરી વળી હતી.

ઊંઝાના ડૉ. અનિલભાઈ રાવલ સાહેબે પૂજ્ય શ્રીમોટા સાથેના દાકતરી જ્ઞાનના અદ્‌ભુત પ્રસંગ વર્ણવતા શ્રોતાજનો અચંબો પામ્યા હતા.

શ્રી રજનીભાઈ બર્માવાળાએ પૂજ્ય શ્રીમોટા તેઓને કેવી રીતે મળ્યા, કેવી રીતે ગુરુપદે સ્થાપ્યા, કેવી રીતે પૂજ્ય શ્રીમોટાએ તેઓને ટ્રસ્ટી બનાવ્યા તેનું વર્ણન કરેલ. તે સમયે સુરત આશ્રમમાં કેટલું સખત કામ રહેતું તે વર્ણવતા જણાવેલ કે ઘણીવાર આશ્રમમાંથી ભાગી જવાનું મન થતું.

આ પ્રસંગે વલ્લભવિદ્યાનગરથી શ્રી ચંદનબહેને પણ સંદેશ મોકલી આપતાં જણાવેલ કે તેઓશ્રીની વાણીરૂપી પ્રસાદને ઝીલી, આવો આપણે સૌ ધન્ય બનીએ શ્રીમોટા કયાંય ગયા નથી-આપણી સાથે જ છે.

શ્રી હરિઃૐ સત્સંગમંડળના મંત્રી સુરેશ વોરા એ સૌને મહિતી આપેલ કે મંડળની સ્થાપનાને મે-૨૦૨૫ મા પચાસ વર્ષ થાય છે માટે મંડળની ‘ગોલ્ડન જયૂબિલી’ ઉજવવા પર ભાર મૂકી અનેકવિધ

**અનુ.પાના નં. - ૧૪ પર**

## (૧૦) ''પૂજ્ય શ્રીમોટાની બાયોગ્રાફી'' અંગે : - પ્રભુદાસ જાની

પૂજ્ય શ્રીમોટાના અક્ષરદેહનો પ્રસાર કરતા સામયિક 'હરિભાવ' ના આદ્યસંપાદક શ્રી રમેશભાઈ ભટ્ટ (હાલ સદ્‌ગત) ના ધ્યાન ઉપર પૂજ્ય શ્રીમોટાની એક ટેપરેકર્ડ વાણી ધ્યાન ઉપર આવી હતી. તે ટેપવાણી સુરતના સ્વજન શ્રી ધનસુખભાઈ ઘડિયાળી સાથેની હતી. તેમાં પૂજ્ય શ્રીમોટાની કૃપાસહાયના બે સ્વજનોના પ્રસંગોનો ઉલ્લેખ છે. વિશેષમાં પૂજ્ય શ્રીમોટાએ ભાવના વ્યક્ત કરી છે કે કોઈકે આવા

અનુ.પાના - ૧૯ પર

### 'હરિવાણી ટ્રસ્ટ'ને મળેલ દાન/ભેટ

| ક્રમ | સર્વેશ્રી નામ | સ્થળ | રકમ રૂ. |
|---|---|---|---|
| ૧. | પિંકેશ એમ. પ્રજાપતિ<br>સ્વ.ફુલીબહેન પરખાજી પ્રજાપતિના અવસાનનિમિત્તે જ્ઞાનદાન ભેટ | અમદાવાદ | ૧૧,૦૦૦/- |
| ૨. | ડૉ.વર્ષા મહેતા | ભુજ | ૫,૦૦૦/- |
| ૩. | પૂજા જે. જોષી | અમદાવાદ | ૧,૦૦૦/- |
| ૪. | ઉર્મિલા જે. ભટ્ટ | અમદાવાદ | ૧,૦૦૦/- |
| ૫. | જયંતીભાઈ ડી.જાની<br>જન્મદિન (તા.૭.૭.) ના રોજ ૮૯ વર્ષમાં પ્રવેશ નિમિત્તે | અમદાવાદ | ૧,૦૦૦/- |
| ૬. | દેવલ પી. જાની | મુંબઈ | ૫૦૧/- |
| ૭. | ગુણવંતભાઈ બી.ભૂંગરિયા | અમદાવાદ | ૫૦૧/- |
| ૮. | ભરતભાઈ હસમુખલાલ જોગી | સુરત | ૫૦૧/- |

**ઉપરોક્ત સર્વે દાતાઓના અમો ખૂબ ખૂબ આભારી છીએ. - સંપાદક**

### 'હરિભાવ' માસિકનું જુલાઈ-૨૦૨૪ બાદ જેઓનું લવાજમ પૂરું થાય છે તેમની યાદીઃ-

| નામ | ગામનું નામ | નામ | ગામનું નામ |
|---|---|---|---|
| ૧. ભાર્ગવ ઝેડ. પટેલ | તલાલા | ૩. હસમુખભાઈ શાહ | અમદાવાદ |
| ૨. ગોરધનભાઈ એસ.પટેલ | ગાંધીનગર | ૪. શૈલેષ આઈ.પંડિત | સુરત |

### 'હરિભાવ' માસિકનું ઑગષ્ટ-૨૦૨૪ બાદ જેઓનું લવાજમ પૂરું થાય છે તેમની યાદીઃ-

| નામ | ગામનું નામ | નામ | ગામનું નામ |
|---|---|---|---|
| ૧. ચંદ્રકાંત ડી. કોન્ટ્રાકટર | સુરત | ૪. રક્ષિત ટી. કલકત્તાવાળા | સુરત |
| ૨. ગોવિંદભાઈ બી. શાહ | અમદાવાદ | ૫. વિમલ નિરંજન પંડયા (ડૉ.) | અમદાવાદ |
| ૩.હાંસજીભાઈ એચ. પટેલ | સુરત | | |

ઉપરોક્ત સ્વજનશ્રીઓને વિનંતી કે 'હરિભાવ'નું લવાજમ વહેલી તકે જમા કરાવે જેથી આગામી અંક મેળવી શકે. ... સંપાદક



શ્રી રીટાબહેન કડિયા (તરણ સ્પર્ધા)નું સન્માન કરતાં
શ્રી જ્યોતિબહેન પટેલ



શ્રી પ્રજ્ઞેશભાઈ પંડ્યા (ગીતા જ્ઞાન પ્રસાર)નું સન્માન
કરતા ડૉ. અનિલભાઈ રાવલ



વક્તવ્ય આપતા ડૉ. અનિલભાઈ રાવલ



અથર્વ પટેલ (લેખક ઉંમર વર્ષ ૧૭)નું સન્માન કરતા
શ્રી બીરેનભાઈ પટેલ



વ્યોમ ભાવસારનું ગીત અને નૃત્ય માટે સન્માન
કરતા શ્રી રજનીભાઈ બરમાવાળા



શ્રી અંબિકાબહેન પંડ્યા (સાહિત્ય સેવા) નું સન્માન કરતાં
શ્રી દક્ષાબહેન પટેલ (મહાજન શક્તિદળ)



શ્રી સ્નેહાબહેન પટેલ(મહાજન શક્તિદળ)નું સ્વાગત
કરતા શ્રી શિરીષ પરીખ



વક્તવ્ય આપતા શ્રી નીતિનભાઈ રામી
(પૂર્વ મંત્રી શ્રી હરિઃૐ સત્સંગમંડળ)



શ્રી આશાબહેન નાણાવટીનું સ્વાગત કરતા
શ્રી જ્યોતિબહેન પટેલ



વક્તવ્ય આપતા શ્રી બીરેનભાઈ પટેલ



વક્તવ્ય આપતા શ્રી પ્રજ્ઞેશભાઈ પંડ્યા



માહિન ડી. પટેલ(સ્કેટિંગ)નું સ્વાગત કરતા પ્રમુખ શ્રી ગિરીશચંદ્ર પંડ્યા

સ્નેહ મિલનમાં પધારેલ સ્વજનશ્રીઓ



સ્નેહ મિલનમાં પધારેલ સ્વજનશ્રીઓ




મધુબહેન એમ. પટેલનું સ્વાગત કરતા પ્રમુખ શ્રી ગિરીશચંદ્ર પંડ્યા



**HARIBHAV, JULY, 2024**
" RNI No. of RNP is 65683/96
Registered under Postal Registration No. GAMC/1208/2024-2026
Valid upto 31st December - 2026 issued by the SSPO's AHMEDABAD City Division,
Permitted to Post at Ahmedabad PSO on 10th of every month"
Licence to post without Prepayment of postage No. PMG/NG/004/2024-2026
valid upto 31-12-2026

## ટાઈટલ પેજ-૧




## ટાઈટલ પેજ-૪

**શ્રીમોટા** : એમના છોકરાની વહુ આંધળી થઈ ગયેલી. મૅનિંજાઈટિસમાં શું ? બિલકુલ આંધળી. તે દેખતી પણ બની છે.

**સ્વજન** : પેલા લવાછાવાળા છોકરાનું પણ એવું...

**શ્રીમોટા** : હા, લવાછાવાળા છોકરાનું...જુઓને !

**સ્વજન** : અને આપણે મોટા, નડિયાદમાં....હું હતો તે વખતે...

**શ્રીમોટા** : રમણ ? રમણ તમાકુવાળો ? આ ભગવાનનું નામ કેટલું લેતો'તો ! ક્લૉરોફૉર્મ આપેલું ત્યારે પણ નામ ચાલતું'તું. અને સતત બોલ્યા કરતો'તો. તે કંઈ એ બોલતો'તો ? જોઈએ તેટલા દાખલા છે. ભઈ, ધનસુખ તારે જરા મેળવવા-એકઠા કર. યાર, તું ! કોઈક એવાયે નીકળવું જોઈએ. બાયોગ્રાફી ભવિષ્યમાં થાય ! આપણામાં કોઈ એવો છે નહિ. એવું કોઈ માણસ નીકળ્યું નહિ કે આવા બધા દાખલા એકઠા તો કરી રાખે.....

મારા જીવનમાં ઘણા એવા દાખલા છે. હું તો કોઈને કહું કે જાવ, હું તમને સરનામાં બધાંનાં આપું. ત્યાં જઈને મળો. પૈસા મારા. જાવ ભઈ.. ધનસુખ, જા તું નીકળ-પ્રવાસે-બધાંને મળી આવ. પૈસા મારા. તો તને ખાતરી થાય યાર !

કારણ કે આપણે જીવદશાવાળાં રહ્યાં, તે આમેય ડોલક ખાઈએ અને આમેય ડોલક ખાઈએ...

'ટેપરૅકૉર્ડેડ વાણીમાંથી' (સાભાર)

Printed and Published by SURESHCHANDRA M. VORA on behalf of HARIWANI TRUST and
Printed at Sahitya Mudranalaya pvt. Ltd., 55/15, City Mill Compound, Kankaria Road,
Ahmedabad - 380 022 and published from Hariwani Trust,
B/5, Swastik Apartment, Narayannagar, Paldi, Ahmedabad - 380 007
Editor : SURESHCHANDRA M. VORA E-mail : hariwanitrust@gmail.com

**If Undelivered Please return to : 'Hariwani Trust'**
B/5, Swastik Apartment, Narayannagar, Paldi,
Ahmedabad - 380 007